


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૭-૦૭-૨૦૨૪ શનિવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૧,૩૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૬-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ વદ ૭ વર્ષ : ૨૮ અંક ૨૯૭

### રાજ્યના પ્રાથમિક શીક્ષણ નીયામકની કચેરી ગાંધીનગર દ્વારા પ્રાથમીક શિક્ષકોનું સેટઅપ અપડેટ કરાયું

# અમરેલી જીલ્લામાં ૧૨૩૨ પ્રા. શિક્ષકોની જગ્યા ખાલી

### અમરેલી જીલ્લામાં ૭૫૯ શાળાઓમાં મંજુર થયેલ મહેકમ ૫૦૪૧ સામે જિલ્લામાં માત્ર ૩૮૦૯ શીક્ષકો છે ૧૨૩૨ શિક્ષકોની જગ્યાઓ ખાલી

### રાજ્યમાં સૌથી વધુ કચ્છ જીલ્લામાં ૩૧૩૩ જગ્યાઓ ખાલી સૌથી ઓછી જગ્યાઓ સાબરકાંઠા જીલ્લામાં ખાલી : રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા યાદી જાહેર કરાઇ

અમરેલી, રાજ્યના પ્રાથમીક શીક્ષણ નીયામકની કચેરી દ્વારા રાજ્ય ભરમાં પ્રાથમીક શાળાઓમાં મહેકમ પ્રમાણે ખાલી જગ્યાઓનો શીક્ષક સેટઅપ રજીસ્ટરઅપડેટ કરવામાંઆવ્યુંછે. જેમાં વર્ષ ૩૧-૭-૨૦૨૩ ની સ્થીતીએ ગુજરાતની શાળાઓમાં કામ કરતા શીક્ષકોઅને મંજુર થયેલ શીક્ષકોની ખાલી જગ્યાઓનું સેટઅપ રજીસ્ટર મુજબ રાજ્યની ૩૦૫૧૦ શાળાઓમાં ૧૭૬૨૩૭શીક્ષકોનુંમહેકમસામેહાલ ૧૫૫૮૦૧ શીક્ષકો કામ કરે છે તે સામે ૨૦૪૩૬ શીક્ષકોની જગ્યાઓ હાલ ખાલી છે.પ્રા.શીક્ષણ નીયામકના આકડા (અનુ. પાના નં.૫)

### બચાવવા વચ્ચે પડતા મહિલા ઉપર પણ હુમલો થતા ઇજા

## ધારી નજીક આવેલા જળજીવડી ગામે પાડી ચરાવતા યુવાન ઉપર દિપડાએ હુમલો કર્યો

### વન વિભાગે દોડી જઇ પાંજરૂ ગોઠવીને દિપડાને ઝડપી લીધો




અમરેલી,ધારી તાલુકાનાં જળજીવડી ગામે શિવ મંદિર નજીક રહેતા પ્રિન્સ જયસુખભાઈ સભાયા ઉ.વ.૧૮ પોતે પાડીચારવતોહતોતેદરમિયાનદિપડાએ હુમલો કરતા તે જોઈને કૈલાસબેન ધીરૂભાઈ નગવાડીયા તેમને બચાવવા જતા દિપડાએ તેના પર હુમલો કરતા બંનેને ૧૦૮ દ્વારા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે. આ બનાવની જાણ થતા વન વિભાગેદોડીજઈપાંજરૂ ગોઠવીનેદિપડો ઝડપી લેવા તજવીજ હાથ ધરતા દિપડો પાંજરામાં કેદ થયો હતો અને લોકોએ નિરાતનો શ્વાસ લીધો હતો.

### ક્યાં સ્થળે કેટલું નુકસાન છે તેની તપાસ ના નામે મીંડું

## બગસરામાં પડેલ વરસાદથી રોડ રસ્તાઓનું ધોવાણ : અકસ્માત સર્જાય તેવી સ્થિતિ સર્જાઇ

### સસ્તા અનાજની દુકાનોમાં પાણી ઘૂસી ગયું



બગસરા, (સમીર વિરાણી)

બગસરામાં બે દિવસ પહેલા પડેલ વરસાદના લીધે અનેક સ્થળોએ નુકશાન કરેલ છે. અમુક રોડ તો અમુક રોડની સાયડો તો અમુક પુલ તેમજ અનેક દુકાનો જેવી કે સસ્તા અનાજની દુકાનોમાં પાણી ભરાય જવાથી લોકો સુધી પહોંચાડવામાં આવેલ અનાજ હાલ પોયજનનું રૂપ ધારણ કરી લીધું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જ્યારે આવા દુકાનદારો દ્વારા મામલદારને આ બાબતે જાણ પણ કરેલી છે કે અમારી દુકાનોમાં પાણી ઘુસી ગયેલ છે. જેના લીધે તમામ અનાજનો જથ્થો બગડી ગયેલ છે. પરંતુ તંત્ર દ્વારા આવ્યું કે બજારમાંથી વેચાતું લયને ગ્રાહકોને આપો એ અમારો પ્રશ્ન નથી જે બગડી ગયું એ તમારે જોવાનું છે આવા ઊડાવ જવાબ આપીને સ્થળ તપાસ પણ કરવામાં ના આવી લોકો સ્વસ્થ સાથે ચેડા કરી રહ્યા છે.

જ્યારે બીજી તરફ જોઈયેતો (અનુ. પાના નં.૫)

### ધીમી ધારે વરસતો વરસાદ પાક માટે કાચા સોના બરાબર..

## વડિયામાં ધીમીધારે સતત પાંચ દિવસથી મેઘરાજા મહેરબાન, ખેડૂતોમાં હરખની હેલી

### ખાબોચિયા અને ગંદકીથી થયેલો મચ્છરનો ઉપદ્રવ વધતા રોગચાળો ફાટે તો નવાઈ નહિ !



વડિયા, (ભીખુભાઈ વોરા) અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા મથક એવા વડિયા અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તાર માં છેલ્લા પાંચ દિવસથી અવિરત ધીમીધારે મેઘ મહેર જોવા મળી રહી છે. ત્યારે વડિયા ની જીવાદોરી સમાન સુરવો ડેમ પણ ૭૦% આસપાસ ભરાઈ ચુક્યો છે તો ભાગોળે આવેલો સાંકરોળી ડેમ પણ ઓવરફ્લો થવાની તૈયારી માં છે ત્યારે ખેત પેદાશો માં ઉભા મોલ માટે આ ધીમી ધારે વરસતો વરસાદ જમીનમાં પાણી ઉતારતો હોવાથી કાચા સોના બરાબર ગણવામાં આવે છે તેથી ખેડૂતો ને સારા ઉત્પાદન ની આશા બંધાતા ખેડૂતો માં વરસતા વરસાદે હરખની હેલી હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી બાજુ વડિયા ગામના કાચા અને પાકા રસ્તાઓમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા અને કચરાના ગંજથી મચ્છર અને અન્ય જંતુઓનો ઉપદ્રવ વધ્યો છે ત્યારે ચાંદી પુરા વાઈરસ ના જોખમ વચ્ચે મચ્છર જન્ય રોગચાળો ફેલાય તો નવાઈ નહિ હાલ તો આ બાબતે આરોગ્ય વિભાગ અબે સ્થાનિક તંત્ર આ રોગચાળા થી લોકોને બચાવવા તુરંત કાર્યવાહી કરી દવાનો છટકાવ સાથે જરૂરી અન્ય પગલાંઓ લે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

ધો.-૧૦-૧૨ નાપાસ માટે નવે.-૨૪ માં ઓપન બોર્ડની પરીક્ષા
ગુજ.બોર્ડ કે સી.બી.એ.સી. બોર્ડમાં ધો.-૧૦ અને ધો.૧૨ માં નાપાસ પરીક્ષાર્થી એન.આઇ.ઓ.એસ. બોર્ડની નવે.-૨૪ માં લેવાનાર પરીક્ષાના ફોર્મ તા.૨૯-૭-૨૪ સુધીમાં નીચેની સ્કૂલોમાં ભરી શકાશે.
(૧) શ્રી બંસીધર વિદ્યાલય
દોલતપરા, જુનાગઢ મો.૯૮૨૫૨ ૩૦૧૩૨
(૨) શ્રી બંસીધર વિદ્યાલય
હનુમાનપરા, અમરેલી મો.૯૪૨૬૯ ૯૯૯૦૩
























## પોતાની માંગણીઓ માટે હડતાલ ઉપર ઉતરી ધરણા કરી રહેલા સફાઇ કામદારો વિફર્યા

# અમરેલીમાં સફાઇ કામદારોએ ચક્કાજામ કર્યો

### નાગનાથ ચોકમાં પોતાની માંગણીઓ ન સંતોષાતા વાહનો રોકી સફાઇ કામદારોએ વાહન વ્યવહાર બંધ કરાવ્યો : પોલીસ સ્થળ ઉપર દોડી ગઇ

### સીટીપીઆઇશ્રી અજય પરમાર, શ્રી કે.કે. ઓડેદરા, શ્રી હેમંત મારૂ સહિત પોલીસ સ્ટાફે સફાઇ કામદારોને સમજાવી કુનેહથી મામલો થાળે પાડ્યો





અમરેલી, અમરેલીમાં નગરપાલિકામાં કોન્ટ્રાક્ટ પ્રથા રદ કરવા સહિતની માંગણીઓ સાથે હડતાલ ઉપર ઉતરેલા પાલિકાનાં સફાઇ કામદારોએ આજે ચક્કાજામ કર્યો હતો. અમરેલીના નાગનાથ ચોકમાં પાલિકાના સફાઈ કર્મીઓએ ચક્કાજામ કરી અને વાહનો રોકી રસ્તા બંધ કરી દીધા હતાં. આ બનાવની જાણ થતા સીટીપીઆઈશ્રી અજય પરમાર, શ્રી કે.કે.ઓડેદરા, શ્રી હેમંત મારૂ સહિત પોલીસ સ્ટાફે સફાઈ કામદારોને સમજાવી કુનેહથી મામલો થાળે પાડ્યો હતો અને વાહન વ્યવહાર પુર્વવત કરાવ્યો હતો.

## લાઠીના ચાવંડમાં મંદિર ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી પોલીસ

### રોકડ રકમ સાથે એક શખ્સને લાઠી સર્વેલન્સ ટીમે ઝડપી લીધો



અમરેલી, લાઠી પો.સ્ટે.ના ચાવંડ ગામે ફરીના ઘરે ગે.કા. પ્રવેશ કરી ચાવી મેળવી ફરીયાદીના કુળદેવી પીઠડ માતાજીના મંદીરના તાળાઓ ખોલી મંદીરમા ગે.કા. પ્રવેશ કરી મંદીરની અંદર રહેલ દાનપેટી તોડી દાનપેટીમાથી રોકડ રકમ આશરે ૨૫થી ૩૦હજારની ચોરી કરી ગુન્હો આચરી નાસી ગયેલ હોય અને આ કામે ફરીયાદીઓની ફરિયાદ આધારે લાઠી પો. સ્ટે. પાર્ટ એ. ગુરનં ૧૧૧ ૯૩૦ ૩૪૨૪૦૧૯૬/૨૦૨૪મ્શજી. કલમ ૩૩૧ (૩).૩૦૫ મુજબ ગુન્હો રજી. થયેલ હતો. લાઠી પો.સ્ટે. વિસ્તારના ચાવંડ ગામે આવેલ ઠાકર મંદીરના કેમેરા ચેક કરતા એક શંકાસ્પદ ઈસમ જોવા મળેલ હોય, જે ઈસમને સાહેદ ઓળખી ગયેલ હોય જે આધારે મજકુર શંકાસ્પદ ઈસમ અંગે ચાવંડ ચોકડી ખાતે બાદ લાઠી ભવાની સર્કલ તથા લાઠી ટાઉનમાં લગાડેલ અન્ય કેમેરા ચેક કરતા લુવારીયા દરવાજા તરફ ગયેલ હોવાનુ જણાઈ આવેલ જેથી અમારા અંગત અને વિશ્વાસુ બાતમીદારોને મજકુર ઈસમનો મુવમેન્ટનો વિડીયો બતાવી, મજકુર ઈસમ અંગે તપાસ કરાવતા, સદરહુ શંકાસ્પદ ઈસમનુ નામ જણાય આવતા, ટેકનીકલ સોર્સ આધારે પોલીસ સ્ટાફના માણસો દ્વારા આરોપી મયુરભાઈ ઘનશ્યામભાઈ શંકરને પકડી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા ચોરીમા ગયેલ મુદ્દામાલ રીકવર કરી મજકુર ઈસમને પકડી પાડી અનડીટેકટ ચોરીના ગુનાનો લાઠી સર્વેલન્સ ટીમે ભેદ ઉકેલ્યો છે.

## બજેટમાં સોના ચાંદીની આયાત ડયુટીમાં ૪ ટકાનો ઘટાડો કરવાના નીર્ણયને આવકાર

### અમરેલી સુર્વણકાર સંઘે શ્રી મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી

અમરેલી,

અમરેલી સુર્વણકાર સંઘએ ચાલુ વર્ષના બજેટમાં સોના ચાંદીના આયાત ડયુટીમાં ૪ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે તે બદલ નાણામંત્રી શ્રીમતી નીર્મલા સીતારમણ તથા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે ૨૦૨૪-૨૫ના બજેટમાં સોના ચાંદિ આયાત કરવાની કસ્ટમ ડયુટી ૪ ટકા ઘટાડવા જાહેરાત કરેલ છે તે સોના ચાંદીના વેપાર ઉદ્યોગ માટે ઘણી આવકાર દાયક જાહેરાત છે.

વેપાર જગતની ઘણા લાંબા સમયની દસકા જુની કાયદેસરના વેપારને પ્રોત્સાહન આપનારી વ્યાજબી કસ્ટમ ડયુટીની નીતી કરવાની સાદર જાહેરાતથી સ્વીકાર થયેલ છે.સોના ચાંદીની આયાત ડયુટીમાં ૪ ટકાના ઘટાડાથી આયાતમાં કાયદેસર વધારો થશે સાથે સાથે જ્વેલરી નીકાસમાં પણ પોલીસીના કારણે ઘણો ફાયદો થશે અને વિદેશથી હુંડીયામણની અનામતને કોઈ નકારાત્મક અસર નહી થાય પરંતુ હકારાત્મક રીતે રેવન્યુ તથા વિદેશી હુંડીયામણમાં પણ વધારો જોવા મળી શકે આજ રીતે વેપાર ઉદ્યોગને રેગ્યુલેટર કરતા નીયમોના શરડીકરણ કરી પોલીસીને પ્રોત્સાહન આપવાની ખાસ જરૂર છે.ટુંકમાં વેપાર ઉદ્યોગ જગતને વિશ્વાસ આધારીત અને પ્રોત્સાહ કરનાર વ્યાજબી કરવેરાના દરનું માળખુ અને બીઝનેસને રેગ્યુલેટર કરતા અર્થતંત્રને વેગ મળે છે અને વેપારને પ્રોત્સાહન મળે છે, કાયદાઓના સ્વેચ્છીક રીતે નાગરીકો તથા વેપાર જગત દ્વારા ૧૦૦ટકા પાલન થાય છે જ્યારે ઉચા કરવેરાનો દર અને અને કરવેરાની આકરી આકારણીની પદ્ધતી અને બીઝનેસને રેગ્યુલેટર કરતા બજારની પરીસ્થીતીથી વિરૂધ્ધ અવાસ્તવીક અને બીન વ્યવહારૂ નીયંત્રણથી ગેર કાયદેસર વ્યાપાર અને વહીવટી ભ્રસ્ટ્રાચારનું પ્રમાણ વધે છે.સરકાર દ્વારા ગરીબ ક્ષેત્રમાં આ બાબતે જરૂરીફેરફાર કરવામાં આવે તેવી વેપાર ઉદ્યોગ અને વેપાર જગતની માંગણીઓ સરકાર દ્વારા સ્વીકારવામાં આવે તેવુ અમરેલી સુર્વણ કાર સંઘ પ્રમુખ અશ્વિનભાઈ પરીખ દ્વારા જણાવાયું છે.

### ખારી પંથકમાં મેઘરાજાએ વરસાદની મહેર તો કરી પણ

## બગસરાના ખારી ગામે પડેલ ભારે વરસાદથી ખેડુતોનાં ખેતી પાકોને વ્યાપક નુકસાન થયું

### તા.પં.ના સદસ્ય શારદાબેન સતાસીયાએ કલેકટરશ્રીને પત્ર પાઠવી રજૂઆત કરી



અમરેલી,

બગસરા તાલુકામાં પડેલ ભારે વરસાદથી ચોમાસુ વાવેતર પાકમાં ભારે નુકસાન થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હોય ત્યારે બગસરા તાલુકા પંચાયતના સદસ્ય શારદાબેન બાબુભાઈ સતાસીયાએ બગસરા તાલુકા વિકાસ અધિકારીશ્રી ,બગસરા મામલતદારશ્રી અને અમરેલી જિલ્લા કલેકટરશ્રીને પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી હતી કે ગત તારીખ ૨૪/૭/૨૦૨૪ ને બુધવાર ના રોજ પડેલા ભારે વરસાદ નથી ખેતી પાકને વ્યાપક નુકસાન થયું હોય જેમા બગસરા તાલુકાના ખારી,હડાળા, ડેરી પીપરીયા,નવા પીપળીયા, બાલાપુર, પીઠડીયા નવા જૂના વાઘણીયા સહિત ગામોમાં પડેલા ભારે વરસાદથી ખેતી પાકને વ્યાપક નુકસાન થયું તેમજ નિશાણ વાળા વિસ્તારમાં પૂરના પાણીના લીધે લોકોની ઘરવખરીને નુકસાન હોય સાથે ખેતી પાકને પણ નુકસાન ગયું હોય તેનું તાત્કાલિક સર્વે કરી વળતર ચૂકવવા અંગે પત્ર તાલુકા પંચાયતના સદસ્ય શારદાબેન બાબુભાઈ સતાસીયાએ પાઠવી રજૂઆત કરવામાં આવેલ.

### સેવાના સરનામે ઉમળકા સાથે

## અમરેલી સારહિ તપોવનમાં તપસ્વીઓને ભોજન કરાવાયું

### શ્રી ડેર, શ્રી માવદીયા અને શ્રી શેખવા પરિવારની ઉપસ્થિતિ



અમરેલી, સેવાને સરનામે –ઉમળકા સાથે તા.૨૪-૦૭-૨૦૨૪ નાં રોજ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીશ્રીઓની સાથે રહીને ભોજન પ્રસાદ લઈને છૂટા પડેલ સારહી પરીવારના શ્રી દીલીપભાઈ ડેર સહ પરિવાર, તથા શ્રી અંકુરભાઈ માવદીયા સહ પરીવાર ઉપસ્થિત રહેલ.આ અવસરે સારહી પરીવાર ના પદાધિકારીશ્રી સુરેશભાઈ શેખવા સહ પરિવાર ઉપસ્થિત રહેલ.સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ર દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

## અમરેલી શહેરના છેવાડાના વિસ્તાર સુધી પાલિકા દ્વારા ઓરિજનલ ડીડીટીનો છંટકાવ કરવા માંગ

### પાલિકાના કોંગ્રેસના વિરોધ પક્ષના ઉપનેતા સેંજલબન સોલંકી દ્વારા ચિફ ઓફિસરને રજુઆત

અમરેલી,

હાલ ગુજરાત રાજયમાં ચાંદીપુરા વાયરસનો હાહાકાર મચી ગયો છે ત્યારે અમરેલી નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં આરોગ્ય લક્ષી સારી કામગીરી થાય તો વાયરસથી બચી શકાય તે માટે અમરેલી શહેરના છેવાડાના વિસ્તારો સુધી સારી ગુણવતા અને ઓરીજનલ ડીડીટીનો છંટકાવ થાય તે માટે કોંગ્રેસના વિરોધ પક્ષના ઉપનેતા સેંજલબેન સોલંકી દ્વારા ચિફ ઓફિસરને રજુઆત કરવામાં આવી છે. તેમજ શહેરના તમામ વિસ્તારોમાં ઠેર ઠેર ગંદકીના ગંજ જામ્યા છે. અને કચરા કલેકશન પણ કરવામાં આવતું નથી અને ઘરે ઘરે કચરાના કલેકશન માટે વાહનો આવતા નથી. જેથી યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી હતી.

## ભાજપની ડબલ એન્જિનની સરકારમાં જાફરાબાદ પંથકની જનતા સાવ ત્રાહિમામ પોકારી ગઇ : શ્રી વરૂ

### કોંગ્રેસના શ્રી ટીકુભાઇ વરૂએ સરકાર સામે આક્રોષ વ્યક્ત કર્યો



અમરેલી,

જાફરાબાદની જનતા દિવસે અને દિવસે સમસ્યાથી ઘેરાતી જાય છે નાના માણસોના કોઈ કામ થતા નથી જાફરાબાદ તાલુકા પંચાયત હોય કે જાફરાબાદ મામલતદાર કચેરી હોય કે જાફરાબાદ પીજીવીસીએલની કચેરી હોય જાફરાબાદ નગરપાલિકા હોય એક પણ જગ્યાએ નાના માણસોના કામ નથી કોઈને આવાસ ના નવા મકાન નથી મળતા રેશનકાર્ડ અલગ થયું હોય તો રેશનકાર્ડમા અનાજ ચાલુ નથી થતું. નવા બીપીએલમાં નામ નથી ચડતા મોટી ઉંમરવાળા લોકોના આધારકાર્ડ નથી નીકળતા ખેડૂતો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન નથી થતું અને આ ભાજપની ડબલ એન્જિનની સરકારમાં ઘણા સમયથી ૨૦ જેટલા સરપંચો ભાજપના પદાધિકારીઓ અધિકારીઓને કર્મચારીની બદલી માટે ધક્કા ખાઈ રહ્યા એકપણ જગ્યાએ લોકોના કામ થતા નથી અને જાફરાબાદ તાલુકામાં જનતા એક તરફી સત્તા આપી અને અત્યારે ખૂબ જ મોટા પ્રમાણમાં પસ્તાવો કરી રહી છે અમુક વિસ્તારમાં દિવસેને દિવસે કંપનીઓ વાળા પણ ખેડૂતોને દબાવી રહ્યા છે આ વિસ્તારમાં લોકોનું સાંભળવા વાળા કોઈ આગેવાન રહ્યા નથી અને જનતાનો અવાજ વામળો રહયો જે કચેરીમાં જાવ ત્યાં અધિકારીઓ હાજર હોતા નથી અને કયા ગયા એમ પૂછીએ તો કહે છે કે એ અધિકારી સરકારી કાર્યક્રમમાં છે આવી રીતે જાફરાબાદ તાલુકામાં ભાજપ ની ડબલ એન્જિનની સરકારમાં લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે તેમ એક નિવેદનમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપાદયક્ષ શ્રીટીકુભાઈ વરુ એ જણાવ્યું હતું.

## લાખાપાદરમાં ઘેટાનું મારણ કરતાં વનરાજા

### બે ઘેટાના મારણ કરી સિંહોએ ભોજન લીધું



અમરેલી,

લાખાપાદર શેલ નદીના પટમાં સિંહે બે ઘેટાના મારણ કરી ભોજન લીધું હતું. પશુના મારણને કારણે પશુ પાલકો મુંજાયા છે. ધારગણી ગામના લાખાભાઈ ભોળાભાઈના ઘેટાનું મારણ કરતાં મુશ્કેલીમાં મુકાયા હતાં.

## જુના વાઘણીયાના ભાજપ નારી શક્તિશાખાનાં ઉપપ્રમુખ જાગૃતિબેન પરમારનો આજે જન્મદિન



જુના વાઘણીયા, જુના વાઘણીયા મોરબી જિલ્લા ભાજપ નારી શક્તિશાખા ઉપપ્રમુખ જાગૃતિબેન પરમારનો જન્મદિવસ તા. ૨૭-૭-૭૨માં ૫૧ વર્ષ પુરા કરી ૫૨ માં વર્ષમાં પ્રવેશ. જન્મ દિવસ હોય સાદગી અને અનેક સેવાકીય પ્રવૃતિ જેવી કે, અન્નક્ષેત્રમાં ગરીબ નારાયણને કીટ અને આંગણવાડીનાં બાળકોને ચોકલેટ, બિસ્કીટ, ફ્રુટની વેંચણી કરી તેમનો જન્મદિવસની ઉજવણી કરશે. આ અવસરે તેમના સગા સબંધીઓ બહોળો મિત્ર, કાર્યકર્તાઓ, આગેવાનો જન સમુદાય તેમનો તેમના મો.૯૯૧૩૪ ૩૦૭૭૨ શુભેચ્છાઓનો ધોધ વહેશે.


વી. કે. મોટર્સ




CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail:kanpariyavipul4025@gmail.com



વોટરકુલર - વોટરડીસ્પેન્સર



૨૪ વર્ષનો બહોળો અનુભવ...

દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો

તેમજ VOLTAS અને BLUE STAR કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે

તુલસી રેફ્રીજરેશન

છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..

દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી

મો.૯૪૨૬૨ ૮૭૦૯૭


## આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. બાબાભાઇ ભગુભાઇ ધાખડા**

સ્વ. તા. ૨૭-૦૭-૨૦૧૬ ગુરૂવાર

તમારા હૈયામાં હતુ હામ જગતને જીતવાનું , તમારી વાતો હતી લોકોનાં હૈયાને જીતવાની, તમારો તરવરાટ હતો હજારોને પ્રેરણા સમો. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લી.

ઉમેદભાઇ બાબાભાઇ ધાખડા - રાજેન્દ્રભાઇ બાબાભાઇ ધાખડા

રૂદ્રરાજભાઇ ઉમેદભાઇ ધાખડા - હેતરાજભાઇ રાજેન્દ્રભાઇ ધાખડા


... ૫૩ વર્ષથી કાર્યરત ...

લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC

સૌનપાલ ઓટો એડવાઈઝર્સ

◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર +પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨–૨૨૩૧૧૦

નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫


**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૨/૨૦૨૪..................તા.૦૫-૦૭-૨૦૨૪

વિવાદી :- શ્રી રાજુભાઇ નાનજીભાઇ ભેસાણીયા રહે.દામનગર, તા.લાઠી, જી.અમરેલી

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- જન્મ મરણ નોંધણી અધિકારી નગરપાલિકા દામનગર

**જાહેર નોટીસ**

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે દામનગર ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પિતા નાનજીભાઇ હરિભાઇ ભેસાણીયાનું મરણ તા.૨૦-૦૮-૧૯૯૨ ના રોજ મોજે દામનગર, તા.લાઠી મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૨-૦૬-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૯-૦૭-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૧-૩૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૨૨/૨૦૨૩..................તા.૧૧-૦૭-૨૦૨૪

અરજદારશ્રી :- કાબાભાઇ જીણાભાઇ મકવાણા રહે.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

અરજદારના વિ.વકીલશ્રી : હિંમત ડી.બગડા,

રે.ન્યાય મંદિર સામે, મહુવા રોડ, તા.સાવરકુંડલા, જી.અમરેલી

સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચિત કરવામાં આવે છે કે, અરજદારશ્રીએ તેમના બહેન શાંતુબેન જીણાભાઇ મકવાણાનો જન્મ તા.૦૧-૦૨-૧૯૭૦ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦-૦૭-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ. આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. નોંધ :(૧) વર્ષ ૧૯૬૯ થી ૧૯૭૧ સુધીનું રેકર્ડ રજુ કરવુ.

મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૭-૦૭-૨૦૨૪ શનિવાર

# ઓલિમ્પિકની આશા છે તરુણદીપ રાય : આધુનિક ભારતીય ધનુર્વિદ્યાનો આ છે સ્વાધ્યાયી એકલવ્ય

સખત મહેનત છતાં ધાર્યા પરિણામ ન મળે, ત્યારે સ્પર્ધામાં ટકી રહેવાનો જુસ્સો અકબંધ રાખવો અત્યંત મુશ્કેલ હોય છે. પ્રત્યેક પળે પ્રતિભા સામે પ્રશ્નાર્થ સર્જાતો રહે છે. તૈયારીઓની સાથે સાથે કટિબદ્ધતામાં રહી જતી કચાશ અંગે તો ક્યારેય ભાગ્યમાં જશ-રેખાના અભાવ પર પણ દોષારોપણ થતું હોય, ત્યારે જાત પર ભરોસો ટકાવી રાખીને આગળ વધતા રહેવાનો સંઘર્ષ કેટલો કઠિન હોય છે, તેની કલ્પના તો માત્ર સામા પવને હોડી હંકારનારને જ હોય છે. જોકે તમામની આશંકાઓ અને મૂલ્યાંકનોને પાછળ છોડીને આગળ વધી જનાર ખેલાડીઓ જ એવો વિશિષ્ટ ઈતિહાસ આલેખે છે કે, જેની કલ્પના પણ કોઈએ કરી હોતી નથી.

છેલ્લા બે દશકથી આંતરરાષ્ટ્રીય તીરંદાજીમાં અવનવા શીખરો સર કરી ચૂકેલા ભારતના અનુભવી ધનુર્ધર તરુણદીપ રાયનો જુસ્સો ૪૦ વર્ષની ઊંમરે પહોંચ્યા બાદ પણ અડીખમ છે. તરુણદીપની ઉંમરની અસર તેની ધનુર્વિદ્યા પર પડી નથી. ઉલ્ટાનું જેમ જેમ તેની ઊંમર વધવા માંડી છે, તેમ તેમ તેની એકાગ્રતા અને નિશાન તાકવાની સટિકતામાં નોંધપાત્ર વધારો થયો છે. સતત બે દશક સુધી દેશ-દુનિયાના ટોચના તીરંદાજોની વચ્ચે ટકી રહેવાની સિદ્ધિ પણ નાની-સૂની નથી. જોકે, તરુણદીપે ક્યારેય તેની અત્યાર સુધીની સિદ્ધિઓને વાગોળવા માટેનો સમય કાઢ્યો જ નથી અને એટલે જ તે ભારતીય જ નહીં, વૈશ્વિક ધનુર્વિદ્યામાં નવા સીમાચિહ્નો અંકિત કરી રહ્યો છે.

પૃથ્વી પરના સર્વોચ્ચ રમતોત્સવ-ઓલિમ્પિકમાં ત્રણ વખત ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા તરુણદીપે ચીનના શાંઘાઈમાં યોજાયેલી તીરંદાજી વર્લ્ડ કપની સ્ટેજ વન સ્પર્ધામાં પુરુષોની રેક્યુર્વે ઈવેન્ટમાં ભારતને સુવર્ણ સફળતા અપાવવામાં પાયાની ભૂમિકા ભજવી હતી. તરુણદીપનો સાથ આપતાં ધીરજ જ બોમ્મદેવારા અને પ્રવીણ જાધવની ભારતીય ટીમે ફાઈનલમાં ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ કોરિયાના ધુરંધર ધનુર્ધરોને મહાત કરીને અનોખો ઈતિહાસ રચી દીધો હતો. ભારતે આ સાથે ૧૪ વર્ષના લાંબા વનવાસ બાદ તીરંદાજી વર્લ્ડ કપમાં પુરુષોની રેક્યુર્વે ટીમ સ્પર્ધામાં સુવર્ણ સફળતા મેળવી હતી. યોગનુંયોગ ભારતે છેલ્લે વર્ષ ૨૦૦૦માં સ્પર્ધામાં વર્લ્ડ કપનો સુવર્ણ જીત્યો ત્યારે પણ તરુણદીપ ભારતીય ટીમમાં સામેલ હતો. આમ, ૧૪ વર્ષના અંતરાલમાં વર્લ્ડ કપમાં બે સુવર્ણ જીતનારો તે વિશ્વનો સંભવતઃ સૌપ્રથમ તીરંદાજ બન્યો હતો.

ભારતીય ધનુર્વિદ્યાને છેલ્લા બે દાયકાથી વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવી રહેલા તરુણદીપના નામે રાષ્ટ્રીય સ્તરે અવનવા રેકોર્ડ નોંધાયેલા છે. આંતરરાષ્ટ્રીય તીરંદાજીમાં મુખ્ય બે પ્રકાર છે, જેમાં એક રેક્યુર્વે કેટેગરી કહેવાય છે, જે પરંપરાગત તીરંદાજીની વધુ નજીકનું છે.. જ્યારે બીજો પ્રકાર કમ્પાઉન્ડ તીરંદાજીનો હોય છે, જેમાં તીર-ધનુષ વધુ જટિલ અને આધુનિક તકનિકવાળું હોય છે, જેના કારણે તીરંદાજીના વિશ્વમાં રેક્યુર્વે ઈવેન્ટને કમ્પાઉન્ડ કરતાં ચઢિયાતી મનાય છે. તરુણદીપે પરંપરાગત એટલે કે રેક્યુર્વે તીરંદાજીમાં આગળ વધવાનું નક્કી કર્યું. તેણે આગળ જતાં એશયન ગેમ્સની તીરંદાજીની રેક્યુર્વે સ્પર્ધામાં વ્યક્તિગત ચંદ્રક જીતનારો સૌપ્રથમ ભારતીય ખેલાડી તરીકેનો કીર્તિમાન સ્થાપિત કર્યો. આ ઉપરાંત તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપ, એશિયન ચેમ્પિયનશિપ સહિતની જુદી-જુદી આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત તીરંદાજી સ્પર્ધાઓમાં ચંદ્રક જીતવામાં સફળતા મેળવી છે, જે ભારતીય તીરંદાજી અને રમત જગતના ઈતિહાસમાં આગવું સ્થાન ધરાવે છે. વધતી જતી વયની સાથે તરુણદીપની તીરંદાજીમાં આગવું તારુણ્ય ચઢતું જોવા મળી રહ્યું છે અને તેના જ કારણે હવે પેરિસ ઓલિમ્પિકમાં ચંદ્રક જીતવાની દાવેદારી નોંધાવનારા ભારતીય તીરંદાજોમાં તેને પણ સ્થાન મળશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

દેશના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આવેલા સિક્કમ નામના નાનકડા રાજ્યમાં દરિયાઈ સપાટી કરતાં અસાધારણ ઊંચાઈ પર આવેલા નામ્ચી ખાતે વસવાટ કરતાં ડીબી રાય અને મીના રાયના પરિવારમાં ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૮૪ના રોજ તરુણદીપ રાયનો જન્મ થયો હતો. સિક્કમમાં તેમના પરિવારની આગવી પ્રતિષ્ઠા હતી. તેનો પિતરાઈ ભાઈ એટલે ભારતીય ફૂટબોલ ટીમનો વર્તમાન કેપ્ટન સુનિલ છેત્રી. બાળપણથી જ તરુણદીપ તેના મોટાભાઈ યોગેનદીપ અને પિતરાઈ સુનિલની સાથે ફૂટબોલ રમતો. ઉત્તર-પૂર્વના મોટાભાગના બાળકોની જેમ તરુણદીપ પણ રાષ્ટ્રીય ફૂટબોલ ટીમમાં સ્થાન મેળવવાનું સ્વપ્ન જોતો. તેણે ક્યારેય તીરંદાજીમાં પ્રવેશવાનું તો વિચાર્યું સુદ્ધાં નહતુ.

તરુણદીપ ૧૩ વર્ષનો હતો, ત્યારે શિલોંગના ગોરખા ટ્રેનિંગ સેન્ટરે પુરાનો નામ્ચી ખાતે ફૂટબોલ, બોક્સિંગ અને તીરંદાજીમાં યુવા પ્રતિભાઓની ખોજ માટેનો કેમ્પ રાખ્યો હતો. તરુણદીપની ઈચ્છા ફૂટબોલની તાલીમ માટે પસંદ થવાની હતી. જોકે, યોગ્ય માહિતીના અભાવે તે ત્યાં પહોંચ્યો, ત્યારે ફૂટબોલ માટે ખેલાડીઓની પસંદગી થઈ ચૂકી હતી. આ સાંભળીને તરુણદીપ ખુબ જ હતાશ થયો. જોકે, ત્યાં ઉપસ્થિત એક વ્યક્તિએ નાનકડા તરુણદીપને સલાહ આપી કે, તું પસંદગી મેળામાં આવ્યો જ છે, તો તીરંદાજી માટેની પસંદગી પ્રક્રિયા ચાલુ જ છે, તેમાં ભાગ લઈ જો. તરુણદીપે અગાઉ ત્યારે ધનુષ-બાણ પકડ્યા નહતા, પણ રમતવીરનો જીવ અને ફૂટબોલની તાલીમને કારણે તેણે ફિટનેસ પણ કેળવેલી એટલે તેણે તીરંદાજીની પસંદગીમાં ઝૂકાવ્યું અને તેના ખુદના આશ્ચર્ય સાથે તેની પસંદગી થઈ ગઈ. આમ અચાનક જ તેની જિંદગીમાં પ્રવેશેલું ધનુષ-બાણ તેનું કાયમનું સાથી બની રહ્યું.

નામ્ચીથી શિલોંગ અને ત્યાંથી કિશોરાવસ્થામાં પ્રવેશેલા તરુણદીપને પૂણેની લશ્કરના રમત સંસ્થાનમાં વધુ તાલીમ માટે મોકલવામાં આવ્યો. દેશના ટોચના તીરંદાજી કોચિસના માર્ગદર્શનમાં તરુણદીપની પ્રતિભા ખીલી ઉઠી અને તેણે જુનિયર લેવલે રાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવી અને ૧૯ વર્ષની વયે મ્યાંમારમાં એશિયન ચેમ્પિયનશિપમાં ભાગ લીધો. આ પછી તીરંદાજીની વર્લ્ડ ચેમ્પિયનશિપ માટેની ભારતીય ટીમમાં પણ તેને સ્થાન મળ્યું હતુ. જોકે શાનદાર દેખાવ છતાં તેઓ થોડા માટે ચંદ્રક ચુકી ગયા અને ચોથા ક્રમે રહ્યા. જોકે આ પછી તેણે ૨૦૦૪માં એથેન્સ ઓલિમ્પિકમાં ભાગ લીધો. આંતરરાષ્ટ્રીય સ્તરની સફળતા બાદ તેને ભારતીય સૈન્યમાં નોકરી પણ મળી ગઈ.

આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સફળતા મેળવવાની સાથે આગળ વધી રહેલા તરુણદીપને ૨૦૦૮ના બેઈજિંગ ઓલિમ્પિક અગાઉ જખમામાં ઈજા થઈ તેણે દર્દનાશક દવાઓને સહારે ટકી રહેવાનો પ્રયાસ કર્યો. જોકે તેને સફળતા ન મળી અને આખરે તેને ઓલિમ્પિક ગુમાવવા પડ્યા. બે વર્ષ સુધી તીરંદાજીથી દૂર રહેવાના કારણે તેનું પુનરાગમન લગભગ શક્ય લાગવા માંડ્યું હતુ. આમ છતાં ભારતીય સૈન્યના જવાને હિંમત ના હારી. તેણે પુનરાગમનના પ્રયાસો જારી રાખ્યા. એક સમયે જેની કારકિર્દી પૂરી થઈ ગઈ હોવાનું મનાતું હતુ, તેવા તરુણદીપે ૨૦૦૯ના અંતમાં ધમાકેદાર પુનરાગમન કર્યું.

તેણે ૨૦૧૦માં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સફળતા મેળવવાની સાથે ૨૦૧૦ની એશિયન ગેમ્સમાં ભારતની પુરુષ રેક્યુર્વે ટીમને સુવર્ણ અપાવ્યો, જ્યારે વ્યક્તિગત સ્પર્ધામાં રજત હાંસલ કર્યો. જે ભારતનો એશિયાડ તીરંદાજીનો સૌપ્રથમ વ્યક્તિગત ચંદ્રક હતો. આ પછી ચીનમાં યોજાયેલા વર્લ્ડ કપની ટીમ સ્પર્ધામાં સુવર્ણ અને ક્રોએશિયામાં યોજાયેલી ઈવેન્ટમાં રજત હાંસલ કર્યા. ત્યાર બાદ ૨૦૧૨ના લંડન ઓલિમ્પિકમાં તેણે નોંધપાત્ર દેખાવ કરતાં વ્યક્તિગત સ્પર્ધામાં ટોચના ૨૦ સ્પર્ધકોમાં અને ટીમ સ્પર્ધામાં ટોપ-૧૦માં સ્થાન મેળવીને નવો ઈતિહાસ આલેખી દીધો. લંડન ઓલિમ્પિક બાદ તેની સફળતાનો ગ્રાફ થોડો ઝાંખો પડવા લાગ્યો અને ૨૦૧૬ના રિયો ઓલિમ્પિકમાં તેને કે ભારતીય રેક્યુર્વે ટીમને પ્રવેશ મળી ના શક્યો. આ સાથે તેની પ્રતિભાની સામે ફરી પ્રશ્નાર્થ સર્જાયા અને તેની કારકિર્દીનો સૂરજ ડુબી ગયો છે, તેવું મનાવા લાગ્યું. જોકે, તેણે ધનુષ-બાણ હેઠાં મુકવાનો વિચાર સુદ્ધા ના કર્યો. વર્ષ ૨૦૧૯ની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં તેણે અતાનુ દાસ અને પ્રવિણ જાધવની સાથે મળીને રજત સફળતા મેળવી તેની સાથે ટોક્યો ઓલિમ્પિકની ટિકિટ પણ હાંસલ કરી. કોરોનાના કારણે ટોકિયો ઓલિમ્પિક એક વર્ષ માટે સ્થગિત કરવામાં આવ્યા અને દેશભરમાં લોકડાઉન લગાવવામાં આવ્યું. આ સમયે તરુણદીપ પૂણેના લશ્કરી રમત સંસ્થાનમાં હતો. તેને વતન પાછા ફરવાની તક ન મળી અને તેણે ત્યાં રહીને જ પ્રેક્ટિસ જારી રાખી.

આખરે ટોકિયો ઓલિમ્પિકમાં તરુણદીપ, અતાનું અને પ્રવીણની બનેલી ભારતીય ટીમે ક્વાર્ટર ફાઈનલ સુધીની સફર ખેડી. જોકે, વ્યક્તિગત સ્પર્ધામાં તે ખાસ કમાલ દેખાડી શક્યો નહતો. આ પછી તેણે વર્લ્ડ કપમાં સુવર્ણ અને રજત ચંદ્રકો હાંસલ કર્યા હતા અને હવે પેરિસ ઓલિમ્પિક નજીક આવી પહોંચ્યા છે, ત્યારે તેણે ભારતીય ટીમની સાથે વર્લ્ડ કપમાં મેળવેલી સુવર્ણ સફળતા ઉજ્જવળ ભવિષ્યના સંકેત સમાન છે. તીરંદાજીમાં અગાઉ ક્યારેય ભારત ઓલિમ્પિકમાં ચંદ્રક જીત્યું નથી. જોકે, ભારતીય તીરંદાજી પરનું આ મહેણું તરુણદીપ રાય દુર કરી શકે તેમ છે.

## ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૭.૭.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ વદ સાતમ, રેવતી નક્ષત્ર, ઘુતિ યોગ, વિષ્ટિ કરણ આજે બપોરે ૧.૦૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે.

### બીજા ભાવે સૂર્ય જાતકને જવાબદારીઓથી ઘેરી લે છે

સૂર્ય મહારાજ દ્રશ્યમાન દેવ છે અને સમગ્ર પૃથ્વીનું પાલન પોષણ કરે છે! સૂર્ય આત્મા છે સૂર્ય આત્મવિશ્વાસ છે સૂર્ય સ્વમાન છે તો સૂર્યએ ઉર્જા છે. જન્મકુંડળીમાં સૂર્ય મહારાજ સારી સ્થિતિમાં હોય ત્યારે જાતકને જીવનમાં ખુબ ઉંચે લઈ જાય છે. મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયું કે ઉચ્ચ સત્તા ભોગવતા મિત્રોને સૂર્ય જન્મકુંડળીમાં ખુબ સારો જોવા મળે છે!પ્રથમ ભાવે સૂર્ય, કોઈ પણ જાતકને એક ગર્વ આપે છે અને તેમની દરેક વાતમાં એ ગર્વ દેખાય છે, તેઓ જીવનમાં મહત્વનું સ્થાન હાંસલ કરીને જ જંપે છે! અને સૂર્ય દેવ ઉચ્ચના થતા હોય તેમને સારું સ્થાન અપાવે છે બીજા



ભાવે સૂર્ય જાતકને કેટલીક જવાબદારીઓથી ઘેરી લે છે અને ચોક્કસ નિર્ણય પર આવવા દેતા નથી વળી પૈસા બાબતમાં જાતકને વધુ ચોક્કસ બનાવે છે તો કુટુંબની અંદર તેની ભૂમિકા પ્રભાવક રહે છે અને પરિવારમાં તે મોભી તરીકે ભૂમિકા ભજવે છે. સૂર્ય મહારાજ ત્રીજે હોય છે ત્યારે વ્યક્તિ લાઈમ લાઈટમાં છે પણ મહત્વના હોદ્દાથી ઘણીવાર દૂર રહેવું પડે છે વળી તેમનામાં કૌશલ્ય અને પ્રતિભા સારા હોય છે અને આવા જાતકો સરકાર પાસેથી સારી રીતે કામ લઈ શકે છે! ચોથે સૂર્ય વ્યક્તિને ક્રિટીક બનાવે છે અને દરેક વાતની ઝીણવટ ભરી તાપસ કરતા જોવા મળે છે વળી નાની વાતને પણ મોટું સ્વરૂપ આપતા જોવા મળે છે!!!

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે દિવસ, પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

# ખાંભાના મોટા બારમણમાં યુવાન ઉપર હુમલો

**બે શખ્સોએ મારમાર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઇ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ખાંભા તાલુકના મોટા બારમણ ગામે ભોળાનાથના મંદિર નજીક રવજીભાઈ પુનાભાઈ સાંખટ ના દિકરા ધર્મેશભાઈનું નામ લઈ ધર્મેશ કનુભાઈ બારૈયા કોઈ છોકરી સાથે ફોનમાં વાત કરતાં હોય. જેથી ફરિયાદીના દિકરાએ ધર્મેશને કહેલ કે તું ફોનમાં મારૂ નામ લઈને શું કામ વાત કરે છે તેમ કહેતાં ધર્મેશ કનુભાઈ બારૈયા તથા તુષા ભુપતભાઈ સાંખટે સારૂ નહીં લાગતા ગાળો બોલી મુંઢમારમારી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના પ્રતાપપરાની સીમમાંથી સગીરાનું વાલીપણામાંથી અપહરણ કરાયાંની ફરિયાદ

**હાલ અમદાવાદ મુળ રાજસ્થાનનો શખ્સ અપહરણ કરી ગયો**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી તાલુકાના પ્રતાપપરાની સીમમાં આણંદ તાલુકાની ગામડી ગામના શ્રમિક પરિવારની સગીરાને હાલ વસ્ત્રાલ અમદાવાદ મુળ રાજસ્થાનના સન્ના બચુભાઈ મચ્છાર સગીરાને લલચાવી ફોસલાવી બદ ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં પોલીસે દરોડો પાડી ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ ઝડપી લીધો

**રેઇડ દરમિયાન આરોપી હજાર મળી આવેલ નહીં : મુદામાલ કબ્જે**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા હાથસણી રોડ ખોડિયાર ચોકમાં હસુ ઉર્ફે હસો કાળુભાઈ દેવગણીયાના રહેણાંક મકાને રેઈડ દરમિયાન પો.કોન્સ. વનરાજભાઈ પશવાળાએ ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ રૂા. ૫૪૪૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. રેઈડ દરમિયાન આરોપી હાજર મળી આવેલ નહીં.

# મોટા આંકડીયા પીપળલગ રોડ ઉપર અને સા. કુંડલામાં મોબાઇલ ચોરાયો

**અમરેલી તાલુકા અને સાવરકુંડલા પોલીસમાં અલગ અલગ ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામના પીપળલગ રોડ ઉપર રાહુલભાઈ વિનુભાઈ માધડ રહે. મોટા આંકડીયા વાળાનો તા. ૨૩-૭ના રાત્રીના પોતાના ઘર પાસે આવેલ રામદેવપાનની દુકાને બાકડા ઉપર રાખેલ વીવો કંપનીનો રૂા. ૨૧,૯૯૯ની કિંમતનો મોબાઈલ મુકી ઘરે પાણી પીવા જતાં કોઈ ચોરી ગયાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલા મહુવા રોડ ઠાકરધણી હોટલ પાછળ સંજયભાઈ રમેશભાઈ પરમાર પોતાના પેન્ટના ખીસામાં રાખેલ વીવો કંપનીનો મોબાઈલ રૂા. ૧૦,૯૯૯ની કિંમતનો પેન્ટના ખીસામાંથી કયાક પડી જતાં કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**સામસામી અરજી કરેલ હોય જેનું મનદુઃખ રાખી**

# ખાંભાના ત્રાકુડા ગામે બે જુથ વચ્ચે ઝપાઝપી

**મુંઢમાર મારી ધમકી આપ્યાની ખાંભા પોલીસમાં ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે અગાઉ બોલાચાલી કરેલ જે અંગે સામસામી અરજીઓ થતાં તેનુ મનદુઃખ રાખી મમતાબેન ઘનશ્યામભાઈ વિંઝુડા ઉ.વ.૩૦ તથા તેના પતિ ઘનશ્યામભાઈ, જેઠ ધીરૂભાઈ, સસરા કમાભાઈને ભીમા પીઠાભાઈ, રેખાબેન ભીમાભાઈ, દેવા પીઠાભાઈ પરમારે ગાળો બોલી રેખાબેને મમતાબેનને મુંઢમારમારી ગાળો બોલી ડાબા હાથે ઉજરડા કરી ત્રણેયે જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે ભીમાભાઈ પીઠાભાઈ પરમાર ઉ.વ.૪૦ના ભાઈ મધુભાઈ સાથે અગાઉ બોલાચાલી કરેલ હોય જે મનદુઃખ રાખી કમા માલાભાઈએ ભીમાભાઈ પાસે પૈસા માંગી ગાળો બોલી ધમકી આપી જતો રહેલ હોય. બાદ ઘનશયમા કમાભાઈ, ધીરૂ કમાભાઈ, મમતાબેન ઘનશયમ ભાઈ વિંઝુડાએ ભીમાભાઈને ગાળો બોલી ઘનશ્યમાબેન કાંઠલો પકડી મુંઢમારમારતા પત્ની રેખાબેન વચ્ચે પડતાં મારામારી દરમિયાન જમણી આંખે ઈજા કરી દેવાભાઈ પીઠભાઈ પરમાર વચ્ચે પડતાં આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરાના સુખપુરમાં પરિણીતાએ એસીડ પી જતાં દવાખાને ખસેડાઇ

**બીમારીના કારણે તેમજ બાળક થતું ન હોવાથી પગલું ભર્યુ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બાબરા તાલુકાના સુખપુર ગામે રહેતી રસિલાબેન રાહુલભાઈ બારૈયા ઉ.વ. ૨૨ને છેલ્લા છએક માસથી ચિકનગુનીયાની બિમારેને કારણે પગ તથા શરીરે સાંધાનો દુખાવો થતો હોય અને દવા લેવા છતાં સારૂ થતુ ન હોય તેમજ ભોગબનનારને લગ્નના અઢી વર્ષ થવા છતાં બાળક થતું ન હોય જેથી કંટાળી જઈ પોતાનું જીવન ટુંકાવવાનું વિચારી બાથરૂમમાં રાખેલ એસડીની બોટલમાંથી એસીડ પી જતાં સારવાર માટે દવાખાને ખસડેવામાં આવેલ છે.

# અમરેલી જિલ્લામાં પાંચ સ્થળોએ દેશીદારૂના દરોડા પાડીને પાંચ શખ્સોને ઝડપી પાડયા

**જિલ્લામાં બે વાહનચાલકો સહિત ૧૦ નસેડીઓ ઝડપાયા**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી બે વાહનચાલકો સહિત ૧૦ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતાં પોલીસે ઝડપી પાડી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં રાજુલા, મરીન પીપાવાવ, જાફરાબાદ, ધારી, લીલીયા, અમરેલી રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમજ જિલ્લામાં જુદા જુદા પાંચ સ્થળોએ પોલીસે દેશીદારૂના દરોડાઓ પાડી મુદામાલ સાથે પાંચ શખ્સોને ઝડપી પાડયા હતાં. જેમાં જાફરાબાદ, મરીન પીપાવાવ, જાફરાબાદ મરીન અને રાજુલા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# મોણવેલમાં પરિણીતા પોતાના દિકરા સાથે ગુમ

**ઘરે જાણ કર્યા વગર ગુમ થયાનું પતિએ જાહેર કર્યુ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી તાલુકાના મોણવેલ ગામે રહેતી પરિણીતા તા. ૨૪-૭ના રાત્રીથી તા. ૨૫-૭ના સવાર સુધીમાં કોઈપણ સમયે પોતાના દિકરાને લઈ ઘરેથી કોઈને જાણ કર્યા વગર કયાંક જતી રહી ગુમ થયાનું પતિએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# સાવરકુંડલામાં સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો

**જિલ્લા આયુર્વેદ કચેરી અને આયુષ કચેરીનું આયોજન**



સાવરકુંડલા, તા. ૨૪/૦૭/૨૦૨૪ બુધવારના રોજ નિયામક શ્રી-આયુષની કચેરી-ગુજરાત રાજ્ય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી અમરેલી ના માર્ગદર્શન અંતર્ગત સ. આ. દ. ઘોબા તથા ડો. હેડગેવાર સેવા સમિતિ, સાવરકુંડલા. દ્વારા શ્રી ઉતાવળા હનુમાન મંદીર, ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું. આ નિદાન કેમ્પ મા સારવાર સાથે લોકો ને દિનચર્યા તથા તુચર્યા તથા તુજન્ય રોગચાળા થી બચવા ના ઉપાયો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યા મા લોકો એ લાભ લીધો. આ નિદાન કેમ્પ માં વૈધ કે. બી. ગોંડલીયા તથા વૈધ દેવેન્દ્ર ચૌહાણ એ સેવા આપી હતી. અને આયુર્વેદ બાબતે લોકો માહિતગાર થયા હતા અને કેમ્પનો પણ મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

# લીલીયામાં તાલુકા કક્ષાનો સહકાર થી સમૃધ્ધિ અને સંસ્થાઓ વચ્ચે સહકાર કાર્યક્રમ યોજાયો

**અમરેલી જી. મ. સ. બેન્ક તથા રજીસ્ટાર કચેરી દ્વારા માર્ગદર્શન અપાયું**

લીલીયા, (મહેશદવે) દેશના સહકાર મંત્રાલય દ્વારા સહકારથી સમૃધ્ધિ અને સહાકારી સંસ્થાઓ વચ્ચે સહકારની ઝુંબેશ ચાલી રહી છે. તે અંતર્ગત તા. ૨૬-૭ ગુરૂવારના લીલીયા તાલુકા કક્ષાનો સેમિનાર પ્રગતિ ક્રેડિટ કો.ઓ. સોસાયટી લી.માં યોજાયો હતો. જેમાં જિલ્લા રજીસ્ટ્રાર કચેરીના કર્મચારી હિરેનભાઈ એન. ભટ્ટ તથા અમરેલી જી.મ.સ. બેન્ક લી.ના સિનિયર ઓફિસર મનિષભાઈ ધાનાણી, બ્રાન્ચ ઈન્સ્પેકટર ભૌમિકભાઈ ભુવા અને તાલુકાની તમામ સેવા સહકારી સંસ્થાઓના પ્રમુખ અને મેનેજર ઉપસ્થિત રહ્યા હતાં. સ્વાગત પ્રવચન અમરેલી જી.મ.સ. બેન્ક લી.ના સિનિયર ઓફિસર મનિષભાઈ ધાનાણીએ કરેલ અને બેન્કની ખાતા ખોલાવવા વિશેની માહિતી આપી હતી. જિલ્લા રજીસ્ટાર કચેરીના કર્મચારી હિરેનભાઈ એન. ભટ્ટ દ્વારા દેશના સહકારી માળખાને મજબુત બનાવવા અનેક સહકારથી સમૃધ્ધિ અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તે અંતર્ગત ગ્રાઉન્ડ લેવલે કરવાના કામોની અને જવાબદારીની માહિતી આપી હતી. તેમજ પીએસસી માટે જે ૧૭ અલગ અલગ ઈન્સ્ટેટીવ લાગુ કરવામાં આવેલ અને સભાસદોના સહકારી બેન્કોમાં જ ખાતા ખોલવાની માહિતી આપી હતી. અભાર વિધી લીલીયા ક્રેડિટ કો. ઓ. સોસાયટીના મેનેજર મગનભાઈ વિરાણીએ કરેલ અને બાકી કામગીરી ૧૦૦ ટકા પુર્ણ કરી લીલીયા તાલુકાને ગુજરાતનો પ્રથમ તાલુકો બનાવવાની બાહેધરી આપી હતી.

# કુંડલાના નાના ઝીંઝુડામાં ગ્રામ સભા મળી

**ગ્રામસભામાં આરોગ્યલક્ષી માર્ગદર્શન**



સાવરકુંડલા, (સૌરભ દોશી) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનાં નાના ઝીંઝુડા ગામે તા. ૨૨/૭/૨૦૨૪ સોમવાર ના રોજ ગાંધીનગર દ્વારા આયોજિત ગ્રામસભામાં આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું જેમાં હાજર સરપંચશ્રી ભરતભાઈ સુદાણી તલાટી મંત્રીશ્રી વિધીબેન અને પ્રા. શાળાના આચાર્ય શ્રી અને ગ્રામ જનોની હાજરીમાં આરોગ્ય કાર્યકર શ્રી એન. કે. વિંઝુડા દ્વારા ગ્રામજનોને વાહકજન્ય રોગો, પાણીજન્ય રોગો અને ચાંદી પુરમ રોગ વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું અને સાવચેતી ના પગલાં ધ્યાન માં રાખવા જરૂરી વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી. લોકોએ સંપૂર્ણ માહિતી જાણી હતી અને આરોગ્ય વિશે કેવી કેવી તકેદારી રાખવી જોઈએ તેની પણ સમજ મેળવી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી શહેરના લીલીયા રોડ બાયપાસ પર બેફિકરાઇથી બાઇક ચલાવતા ગુનો નોંધાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલીના લીલીયા રોડ બાયપાસ સર્કલ પાસે અમરેલીના અરમાન ઘનશ્યામભાઈ સોજીત્રા પોતાનું બાઈક જીજે ૧૪ એએફ ૦૮૩૭નું પુર ઝડપે અને બેફિકરાઈથી માણસોની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી મળી આવતાં ગુનો કર્યાની હે.કોન્સ. હિરેનભાઈ સોલંકી જિલ્લા ટ્રાફિક શાખા અમરેલીએ ગુનોં નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૭૦ થી ૫૯૦ મગફળી ૯૦૦ થી ૧૨૭૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૦૦-૧૨૩૮
શિંગમોટી-૯૦૦-૧૨૭૦
મગ-૧૪૯૫-૧૫૭૦
તલસફેદ-૧૫૦૦-૨૭૨૫
તલકાળા-૩૧૭૦-૩૬૦૫
એરંડા-૧૦૦૦-૧૧૯૪
ઘઉંટુકડા-૪૭૦-૫૯૦
ઘઉંલોકવન-૪૮૦-૫૭૬
રાયડો-૯૪૨-૯૪૨
ચણા-૧૨૦૪-૧૩૨૭
કપાસ-૯૭૦-૧૫૭૯
જુવાર-૩૯૭-૮૧૬
જીરૂ-૪૭૧૦-૪૭૭૦
ધાણા-૮૦૦-૧૨૫૫
સોયાબીન-૮૧૨-૮૪૬
મેથી-૧૦૯૯-૧૧૧૫
રજકાનુંબી-૩૭૦૦-૫૦૨૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૨૦
રીંગણા-૫૦-૧૦૦
ફલાવર-૬૦૦-૮૦૦
કોબીઝ-૪૦૦-૫૦૦
ટમેટાં-૯૦૦-૧૧૦૦
ફોદીનો-૭૦૦-૮૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૧૫૦-૨૫૦
કાકડી-૨૦૦-૩૦૦
ગુવાર-૧૦૦૦-૧૪૦૦
દુધી-૧૦૦-૧૫૦
તુરીયા-૫૦૦-૬૦૦
ભીડો-૪૦૦-૬૦૦
આદુ-૧૨૦૦-૧૫૦૦
કોથમીર-૧૦૦૦-૧૨૦૦
મેથીભાજી-૮૦૦-૯૦૦
ટીંડોરા-૩૦૦-૪૦૦
લીમડોમીઠો-૧૩૦-૧૯૦
મરચાલીલા-૪૦૦-૭૦૦
લસણસુકું-૨૦૦૦-૩૪૦૦
લીંબુ-૫૦૦-૮૦૦
પાલક-૮૦૦-૯૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૩-૫૩૧
જુવાર-૪૧૧-૮૪૦
મઠ-૧૩૫૧-૧૩૫૧
શીંગદાણા-૧૫૧૮-૧૬૫૪
ઘઉંટુકડા-૪૭૧-૫૬૦
તલસફેદ-૨૪૫૧-૨૪૫૧
કપાસ-૮૦૦-૧૨૫૧
બાજરો-૪૦૩-૪૩૧
એરંડી-૯૮૫-૯૮૫
ચણા-૧૧૧૭-૧૩૬૦
સોયાબીન-૮૧૬-૮૧૬

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૮૩-૬૦૩
ડુંગળીલાલ-૧૨૦-૫૭૭
મગ-૯૦૧-૧૨૧૫
તલસફેદ-૧૭૩૬-૨૫૮૦
જીરૂ-૧૧૭૦-૪૪૯૬
અજમા-૨૩૦૦-૨૩૦૦
ચણા-૧૧૦૨-૧૨૮૯
નાળીયેર-૬૨૩-૧૪૫૪
એરંડા-૯૬૫-૯૬૫
બાજરી-૪૪૨-૫૩૬
જુવાર-૪૩૦-૮૮૨

**બાબરા**
કપાસ-૧૩૨૯-૧૫૬૧
ઘઉં-૪૯૫-૫૨૫
તલસફેદ-૨૩૧૦-૨૪૫૦
જીરૂ-૪૭૬૦-૪૮૩૦
મગફળી-૧૦૯૦-૧૧૭૦
બાજરો-

**ધારી**
કપાસ-
ધાણા-
તલ-
બાજરો-
શીંગદાણા-
મેથી-
ચણા-
તુવેર-
ઘઉં-
સોયાબીન-૯૭૫-૮૨૪

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૭૨-૧૨૫૨
શીંગદાણા-૧૬૦૦-૧૭૭૫
જીરૂ-૪૫૦૦-૪૯૦૦
તલસફેદ-૨૨૦૦-૨૫૮૦
કપાસ-૧૨૫૦-૧૫૨૫
ઘઉંલોકવન-૪૮૦-૫૬૦
મગ-૧૨૦૦-૧૪૮૦
ઘઉંટુકડા-૫૦૦-૬૦૦
ચણા-૧૧૦૦-૧૨૮૦
તુવેર--૨૦૩૫
સોયાબીન-૮૦૦-૮૨૩
બાજરો-૪૦૦-૪૮૦
તલકાળા-૩૨૦૦-૩૪૦૦

**ખાંભા**
કપાસ-૧૨૦૦-૧૩૫૦
જુવારપીળી-
ચણા-
ઘઉં-
ધાણા-
શીંગદાણા-
મગફળી-

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૩૫૦
મેથી-૯૨૦-૯૨૦
ચણા-૧૨૨૦-૧૨૬૫
શીંગફાડા-૧૪૫૫-૧૪૫૫
શીંગદાણા-૧૫૮૫-૧૫૯૦
ઘઉંટુકડા-૪૮૨-૫૬૦
ઘઉંલોકવન-૫૭૦-૫૩૫
મગફળી-૧૦૦૦-૧૧૭૧
તલસફેદ-૧૬૪૦-૨૪૬૩
મગ-૧૪૭૦-૧૪૭૦
સોયાબીન-૭૯૦-૮૦૮
તુવેર-૧૨૬૦-૧૯૦૦
અડદ-૧૬૫૦-૧૬૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૩૦૦
દાડમ-૬૦૦-૧૮૦૦
મુસંબી-૭૦૦-૧૦૦૦
સંતરા-૧૮૦૦-૨૧૦૦
કીવી-૪૫૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૯૦૦-૨૯૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
ખારેક-૨૦૦-૧૦૦૦
કેળા-૩૦૦-૪૪૦
પોપૈયા-૬૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૯૦૦-૩૭૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૨૯.૪
ન્યુનતમ તાપમાન ૨૬.૨
ભેજનું પ્રમાણ ૮૭
પવનની ગતિ સરેરાશ ૯.૪

# અમરેલીમાં ઝુલેલાલ ચાલીસા મહોત્સવનો પ્રારંભ

## અમરેલી સુખ અમરધામ મંદિરે મહોત્સવનું આસ્થાભેર આયોજન : અનેક ધાર્મિક કાર્યક્રમો અંગે ભારે ઉત્સાહ

અમરેલી,અમરેલીમાં સિંધી સમાજના ઈષ્ટદેવજુલેલાચાલીસામહોત્સવનોપ્રારંભ થયો છે. ૪૦ દિવસ સુધી સિંધી સમાજના ભાઈ-બહેનો વ્રત સત્સંગ, અંકો, મદા, ર્કિતન, ભજન કરશે. જુલેલાલની અંખડ જયોત બહેરાણાનું આયોજન કરેલ છે. સવારે ૧૦-૩૦થી પુજા, આરતી, સત્સંગ જયોતસાહેબ, બહેરાણાસાહેબઅનેસાંજે લેડીઝસત્સંગ ૫ થી ૭ અને પુરૂષો માટે ૯-૩૦ થી ૧૦-૩૦ સત્સંગ ૪૦ દિવસ સુધી યોજાશે તેમ સિંધી સમાજ અને જુલેલાલ યુવક મંડળ દ્વારા જણાવાયું છે.

### રોગ સામે અગમચેતી એ જ સલામતી

# ચાંદીપુરા વાયરસથી બાળકોને સુરક્ષિત રાખવા તકેદારી રાખવા અને જંતુનાશકો દવાયુક્ત મચ્છરદાનીમાં સુવાનો આગ્રહ રાખો

## બાળકોને શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણમાં(ધૂળમાં)રમવા દેવા નહિ

અમરેલી,

રાજ્યના કેટલાક જિલ્લામાં ચાંદીપુરાવાયરસના કેસ જોવા મળી રહ્યા છે. આ રોગના સંક્રમણને પ્રસરાતું અટકાવવા માટે અગમચેતી એ જ સલામતી છે. આ વાયરલ ઈન્ફેક્શનનો પ્રથમ કિસ્સો ૧૯૬૫ માં મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના ચંદીપુરા ગામે નોંધાયો હતો જેથી તે વાયરસ તરીકે ઓળખાય છે. ચંદીપુરા વાયરસ-વેસી કયુલો વાયરસ- રર્હેબડો વાયરીડીયએ કુળનો છે. આકારમાં(બંધુકની) બુલેટ જેવો છે. ચંદીપુરા વાયરસના ફેલાવા માટે સેન્ડ ફ્લાય વાહક જવાબદાર છે. કેટલીક બાબતોની તકેદારી રાખીને બાળકો તેમજ પરિવારના સભ્યોને સલામત રાખી શકાય છે. ચાંદીપુરા એક વાયરસ છે જે મુખ્યત્વે સેન્ડ ફ્લાય (એક પ્રકારની રેતની માખી) દ્વારા પ્રસરાય છે. ફ્લાય મુખ્યત્વે કાચા મકાનોની દિવાલની તિરાડોમાં, મકાનનના રેતી કે માટીના બનેલા ભાગોમાં રહેવાનું પસંદ કરે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના ગાર લીપણવાળા ઘરોમાં દિવાલની તિરાડોમાં તેમજ દિવાલમાં રહેલા છિદ્રોમાં આ રેતની માખી રહે છે. આ સેન્ડ ફ્લાય ચાંદીપુરા અને કાલા અઝાર જેવા રોગોના ફેલાવા માટે જવાબદાર છે. આ રોગ રીતે ૦ થી ૧૪ વર્ષના બાળકોમાં જોવા મળે છે. સેન્ડ ફ્લાયની ઉત્પતિ : સેન્ડ ફ્લાય તેની ઉત્પતિ માટે ઈંડા મૂકે છે. તેમાંથી મચ્છરની જેમ ઈયળ, કોશેટો અને પુખ્ત માખી બને છે. આ સેન્ડ ફ્લાય નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતા ચાર ગણી નાની હોય છે, જે ખાસ ગ્રામ્ય વિસ્તારોનાં ગાર લીપણવાળા દિવાલોની તીરાડો તેમજ છિદ્રોમાં રહે છે.

સેન્ડ ફ્લાયથી ફેલાતા ચાંદીપુરા તાવના રોગનાં લક્ષણો : ભારે તાવ આવવો, માખું દુ:ખવું, ઉલટી થવી, ઝાડા થવા, અર્ધભાન થવું, ખેંચ આવવી, બેભાન થવું. ચાંદીપુરા રોગથી બચવાના ઉપાયો : સેન્ડ ફ્લાય માખીથી બચવા ઘરની દિવાલોમાં અંદરના તથા બહારના ભાગમાં રહેલા તેમજ તિરાડોને પૂરાવી દેવી જોઈએ. ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાં સુધી હવા ઉજાસ (સૂર્યપ્રકાશ) આવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જંતુનાશક દવાયુકત મચ્છરદાનીમાં સુવાનો આગ્રહ રાખવો. બાળકોને શક્ય હોય ત્યાં સુધી ખુલ્લી શરીરે ઘરની બહાર આંગણમાં (ધૂળમાં) રમવા દેવા નહીં. લક્ષણોની શરુઆત થયા બાદ ૪૮ થી ૭૨ કલાકમાં સંભાવના રહે છે. આવા લક્ષણો જણાય તો તાત્કાલિક સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવો જોઈએ. આમ, ચાંદીપુરા વાયરસથી બચાવા માટે તકેદારી રાખવી અનિવાર્ય છે.

# કુંકાવાવના દેવગામના લાલજીભાઇ પાનસેરીયાએ દેહદાનનો સંકલ્પ કર્યો

## અમરેલી શાંતાબા મેડિકલ કોલેજને દેહદાન કરવા નિર્ણય કર્યો



અમરેલી,

આ જગત મા કેટલાક માણસો એવા હોઈ છે કે જીવન દરમિયાન તો માનવતા મહેકાવેસેજ પણ મુત્યુ પછી પણ લોકોને ઉપયોગી થવાના સંકલ્પ કરે છે આવુજ એક દંપતી છે કુંકાવાવ તાલુકા ના દેવગામ ખાતે રહેતા લાલજીભાઈ ખોડાભાઈ પાનશેરિયા ઉ. વ. ૬૫ તેમજ તેમના ધર્મપત્ની મંજુલાબેન લાલજીભાઈ પાનશેરિયા ઉ. વ. ૬૦ દ્વારા દેહદાન નો સંકલ્પ કર્યો છે ત્રણ સંતાન બે દીકરી એક દીકરો જેમાં દીકરો કોરાનાકાળ મા અવસાન પામ્યો છે બંને દીકરી સાસરે છે હાલમાં બંને દંપતી દેવગામ મા રહે છે ૨૨ વીઘા જમીન છે લાલજીભાઈ પાનશેરિયા દેવગામ પટેલસમાજ ના પ્રમુખ છે ધાર્મિક, વિવેકી તેમજ લોકચાહના વાળું વ્યક્તિત્વ છે દેવગામ મા નવો પટેલ સમાજ બને છે તેના ભુમિદાતા પણ લાલજીભાઈ છે લાલજીભાઈ એ જણાવ્યું કે ચેતનતત્વ જ્યા સુધી ચાલે ત્યાં સુધી છે આત્મા કે ચેતનતત્વ નીકળ્યા પછી શરીર નું કોઈ મહત્વ નથી એ વિચારથી બંને દંપતી એ દેહદાન નો સંકલ્પ કર્યો હતો લાલજીભાઈ એ શાંતાબા મેડિકલ કોલેજ અમરેલી ખાતે દેહદાન નું રજીસ્ટેશન કરાવ્યું હતું પ્રભુ એ માનવદેહ ને અનેક ચમત્કારીક શક્તિઓ થી ભરેલો છે જેનો પુરાવો છે દેહદાન તબીબી વિજ્ઞાનના વિદ્યાર્થીઓને અભ્યાસમા પણ મુતદેહ ઉપયોગી થાઈ છે દરેક જીવંત માણસ દેહદાન નો નિર્ણય કરી શકે છે તેમાં ઉમર જાતિ કે ધર્મ કોઈ બાધક નથી આમ કરીને તમે કોઈના જીવન મા આશાનું કિરણ આપી શકો છો ને દેહદાન એ મહાદાન છે દેવગામ ના આ દંપતી એ મુત્યુબાદ પોતાનું શરીર અન્ય લોકો માટે ઉપયોગી બને પોતાના અમૂલ્ય અંગો અન્ય લોકોને જીવનદાન આપી શકે પોતાના ચક્ષુ દ્વારા કોઈના આંખોની રોશની આવી શકે એવા શુભહેતુ સાથે પતિ પત્ની બંને એ શાંતાબા મેડિકલ કોલેજ અમરેલી ખાતે દેહદાન કરી પ્રેરણાદાયી પહેલ કરેલ છે દેવગામ ખાતે આ સૌ પ્રથમવાર કીસ્સો છે દેહદાન નો લાલજીભાઈ પાનશેરીયા હંમેશા સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે ભક્તિ હોઈ કે જ્ઞાતિ નું કામ હોઈ હંમેશા જોડાયેલા હોઈ છે હાલમાં દેવગામ મા પટેલસમાજ નું નવ નિર્માણ નું કામ ચાલી રહ્યું છે તેમાં પણ તેનાથી બનતી તમામ સેવા કરી રહયા છે આમ નિખાલસ, વિવેકી, વ્યક્તિત્વ વાળા સ્વભાવ ના છે ને હંમેશા લોકો ના હીત કેમ થાઈ એજ એનું જીવન મંત્ર છે. દેવગામ ના આ દંપતી ના દેહદાન ના વિચાર ને ગામલોકો એ વધાવ્યો હતો ને લોકો દેહદાન કરે ને લોકો જાગૃત થાઈ તેવા પ્રયાસ કર્યા હતા ને લોકો આ દંપતી માંથી પ્રેરણા લે તો અનેક લોકો ની જિંદગી મા અજવાળું આવે દેવગામ ના આ દંપતી ના સંકલ્પ ના સાક્ષી હતા ગામના ઘણા આગેવાનો જેમાં ચંદ્રેશભાઈ વાળા અમરસાહેબ આશ્રમ, રાજેશભાઈ રાદડિયા, રમેશભાઈ જોગણી, વિજયભાઈ પાનશેરીયા, ભરતભાઈ ચોવટીયા, મગનભાઈ ત્રાપસીયા, તેમજ ભુપતભાઈ રાદડીયા ખાસ હાજર રહયા હતા.

# વાકુંનીધાર પંચમુખી હનુમાન આશ્રમે ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

## ગુરૂપુજન, યજ્ઞ અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોમાં ભાવિક ભકતો ઉમટયા



અમરેલી,

દર વર્ષની જેમાં આ વર્ષે પણ પરંપરાગત રીતે ગુરૂપૂર્ણિમાં મહોત્સવ તા.૨૧-૭-૨૪ને રવિવારે ઉજવાયો હતો. વાકુંનીધાર પંચમુખી હનુમાન મંદિર ખાતે સવારે ૯ કલાકે ગુરૂપુજન, ૯-૩૦ કલાકે યજ્ઞ અને ૧૧-૩૦ કલાકે ભોજન પ્રસાદ કાર્યક્રમો યોજાયા હતા અને ગુરૂપૂર્ણિમા નિમિતે ગુરૂ પ્રત્યે અહોભાવ વ્યકત કર્યો હતો. ભોજનના દાતા તરીકે અશ્વિભાઈ સભાયા, અલ્પેશભાઈ સભાયા, કમલેશભાઈ સભાયા, મિત અશ્વિનભાઈ સભાયાએ સેવા આપી હતી. સેવક સમુદાય ઉમટી પડ્યા હતા. તેમ શ્રી કરૂણાનિધાનદાસજી ગુરૂશ્રી રામબાલકદાસ બાપુએ જણાવ્યું છે.

# હેપી બર્થડે : બાબરા તાલુકા ભાજપના પ્રમુખ અશોકભાઇ રાખોલીયાનો આજે જન્મદિવસ

## જન્મદિવસ નિમિતે આજે ઘેલા સોમનાથ મહાદેવ ના દર્શન કરી આજના દિવસનો મંગલ પ્રારંભ કરશે



બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અને સર્વ સમાજના અગ્રણી કાર્યકર્તાઓને અડધી રાતના હોકાળા સમાન આગેવાન અશોકભાઈ રાખોલીયા નો આજે જન્મદિવસ છે ગત વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં એમના તાલુકા ભાજપ પ્રમુખ નેતૃત્વ હેઠળ અને કાર્યકરો હોદ્દેદારો ની મહેનત થકી ભાજપ ના ઉમેદવાર નિ જીત થઈ હતી આજના શુભ દિવસે ઘેલા સોમનાથ મહાદેવ ના મંદિર શીશ ઝુકાવી આશીર્વાદ મેળી આજના દિવસ નો પ્રારંભ કરશે સાંસદ ધારાસભ્ય સહિત રાજકીય આગેવાનો પત્રકારો સાથી મિત્રો હોદ્દેદારો કાર્યકર્તાઓ સહકારી આગેવાનો એ જન્મ દિવસ ના અભિનંદન શુભેચ્છા પાઠવી હતી.

# અમરેલી જિલ્લાના ખેડૂતોએ કપાસમાં ચૂસિયા જીવાતોના નિયંત્રણ માટે પગલા લેવા અનુરોધ

અમરેલી,અમરેલી જિલ્લાનાં તમામ તાલુકામાં ખેડુતોએ તેમનાં ખેતરોમાં અનુકુળતા અનુસાર વિવિધ પાકનું વાવેતર કાર્ય પૂર્ણ કર્યુ છે. જે ખેડુતોએ પોતાનાં ખેતરમાં કપાસનું વાવેતર કર્યુ છે. મોલોમશી તથા તડતડીયાનાં જૈવિક નિયંત્રણ પરભક્ષી લીલી પોપટી (ક્રાયસોપા) ની ૨ થી ૩ દિવસની ઈયળો હેકટરે ૧૦,૦૦૦ની સંખ્યામાં ૧૫ દિવસના ગાળે બે વખત છોડવી. લીમડાનાં મીંજનું ૫% નું દ્રાવણ અથવા એઝાડીરેકટીન જેવી બિનરાસાયણિક તત્વ ધરાવતી ૧૫૦૦, ૩,૦૦૦ કે ૧૦,૦૦૦ પી.પી.એમ. અનુક્રમે ૫ લી, ૨.૫ લી કે ૭૫૦ મી.લી. પ્રતિ હેકટરે ઉપયોગ કરવો. મોલોમશી, જીવાતના ઉપદ્રવના પૂર્વ અનુમાન માટે હેકટરે ૫ થી ૬ સ્ટીકી ટ્રેપ ગોઠવવી. સફેદમાખીના નિયંત્રણ માટે એઝાડીરેકટીન ૧૫૦૦ પી.પી.એમ. ૫૦ મી.લી. ૧૦ લીટર પાણીમાં, ફ્લોનીકામીડ ૫૦ ડબ્લ્યુ.જી. ૩ ગ્રામ, એસીફેટ ૭૫ એસ.પી. ૧૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. અથવા બુપ્રોફેજીન ૨૫ એસ.સી. ૨૦ મીલી, એસીટામીપ્રિડ ૨૦ એસ.પી. ૨ ગ્રામ, ૫૦ ડબલ્યુ.જી. ૧૨ ગ્રામ પૈકી કોઈ પણ એક દવા કપડા ધોવાના સોડા ૫ ગ્રામ સાથે ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ફૂગજન્ય જૈવિક જંતુનાશક દવા જેવી કે વર્ટીસીલીયમ લેકાની અથવા બુવેરીયા બાસીયાના ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં પાકની શરૂઆતની અવસ્થાએ વાતાવરણમાં ભેજ હોય ત્યારે છંટકાવ કરવો, આ જૈવિક દવાઓ દવાઓ સાથે પણ વાપરવા. મીલીબગનો વધુ ઉપદ્રવ હોય તો કેરોસિનવાળા પાણીમાં અર્ધ કે આખા ખુલેલા જીંડવાઓ ખંખેરી રુપલાં ભેગા કરી નાશ કરવો અથવા છોડ હલાવી અને બેછેડેથી દોરડું પકડી હારમાં ઝડપથી ચાલવાથી આ રુપલાઓને નીચે પાડી નાશ કરી શકાય છે. મોલોમશી, તડતડિયા અને થ્રિપ્સના નિયંત્રણ માટે લીમડાના બનાવટની ૧% ૨૫ મીલી, બ્યુવેરિયા બેસિયાના ૬૦ ગ્રામ,, વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલા લેબલ મુજબ જે-તે પાક માટે, આપવામાં આવેલા ડોઝ અને જે તે રોગ-જીવાત માટેની દવા છે, તે ભલામણ મુજબ અનુસરવી.

# અમરેલી ગજેરા કેમ્પસમાં એબીવીપી દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો

## જીવનમાં રાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું યોગદાન આપવાના ઉદ્દેશથી કાર્યક્રમનું આયોજન



અમરેલી,અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દેશનું વિદ્યાર્થીઓના હિત માટે કામ કરતું સંગઠન છે. તેમાં પોતાની આવડત અને સમય આપતા કાર્યકર્તાઓને કેમ્પસ ડાયરેકટર શ્રી પેથાણી દ્વારા અભિનંદન સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ઉચ્ચ મૂલ્યો કેળવે અને લીડરશિપ ના ગુણો શીખે તેના થકી રાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું આગવું યોગદાન આપે દેશની ઉન્નતિ માટે કામ કરે તેવી પ્રેરણા મેળવવાના મહાન ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મંત્રીશ્રી હિમલયસિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેઓએ જણાવ્યું કે દેશના લાખો વિદ્યાર્થીઓ ખાસ કરી કોલેજના યુવાનો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ માં જોડાઈ રહ્યા છે, જેમાં આપ પણ જોડાવ અને આ સંગઠનને મજબૂત કરી દેશ સેવાના કાર્યો કરવા આહવાન કર્યું હતું. સાથે ABVP સંગઠનના ભિષ્મભાઈ ભરાડ (ABVP જીલ્લા સંયોજક), નિતીનભાઈ નકુમ (ABVP જીલ્લા સંગઠન મંત્રી), શિવમભાઈ સોલંકી (ABVP ભાવનગર વિભાગ સંગઠન મંત્રી), મનભાઈ સગર( ABVP અમરેલી નગર મંત્રી) ઉપસ્થિત રહ્યા હતા.

# સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત


## અમદાવાદમાં જમવાના પાર્સલ મંગાવતા ફરિયાદ દાખલ

અમદાવાદ,શહેરમાં ફરી એક વાર નકલી અધિકારી બનીને ગુનો કરવાનો કિસ્સો સામે આવ્યો છે, આ બાબતે પ્રાથમિક માહિતી મુજબ,ઁ, ર્ઈં, ઝ્રૈંં અને ૈંહ્લછ જેવી એજન્સીઓનાં અધિકારી તરીકે ઓળખ આપીને આરોપીએ અલગ-અલગ હોટેલમાંથી મોંઘુંદાટ જમવાના પાર્સલ મંગાવ્યા હતા. આમ, આરોપીએ રૂ.૧૮,૩૦૦ ની છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગુજરાત ટેકનો યુનિ. દ્વારા તાલીમ શિબિર

અમદાવાદ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાતા વિવિધ કાર્યક્રમોનાં ભાગ રૂપે તાજેતરમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળનાં કેમ્પસમાં એક "વ્યક્તિત્વ વિકાસ તાલીમ શિબિર"નું આયોજન કુલપતિ ડો રાજુલ કે.ગજ્જર અને કુલસચિવ ડો.કે.એન.ખેરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.આ શિબિરનો મંગળ પ્રારંભ શ્રી.સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર સુકાંતકુમાર સેનાપતિના હસ્તે કરાયો હતો.આ શિબિરમાં જોડાયેલા જુદી જુદી કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવી હતી જેમાં વકતૃત્વ કળા ખીલે, આત્મવિશ્વાસ પ્રગટે,વાતચીત કરવાની કળા વિકસે,માનવીય અભિગમ કેળવાય વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## સુરત તપોવન આશ્રમમાં રક્તદાન કેમ્પ યોજાયો



સુરત,શ્રી તપોવન આશ્રમ મોરાટેકરા, સુરત ખાતે રક્તદાન, દેહદાન અને અંગદાન કાર્યક્રમ નું આયોજન કરવા માં આવ્યુ શ્રીમતી લાભુબેન વિરજીભાઈ શિરોયા પ્રેરીત ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા શાખા દ્વારા સંચાલિત રેડક્રોસ બ્લડ સેન્ટર સુરત દ્વારા ગુરુપૂર્ણીમા નિમિત્તે મહારક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ ગુરુ ભક્તો એ રકનું દાન કરેલ .તપોવન આશ્રમના નેત્રદાતા બ્રહ્મલીન ગુરુ શ્રી રામાનંદદાસ બાપુ કે જેઓ નેત્રદાતા પણ છે તેમના સૂક્ષ્મ આશીર્વાદથી રોટરી ક્લબ સુરત ઈસ્ટ , લાયન્સ ક્લબ ઓફ સુરત ઈસ્ટ અને સક્ષમ સુરત ના કમાન્ડન્ટ ડો પ્રફુલભાઈ શિરોયા દ્વારા નેત્રદાન, રક્તદાન, દેહદાન, અંગદાન અને થેલેસેમીયા જાગૃતિ શીબીરનું પણ આયોજન કરી ઉપસ્થિત ૫૦૦૦ થી વધારે શ્રધ્ધાળુંઓ સુધી આ માહિતી પહોચાડી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આશ્રમના ગીતાબહેન, શ્રી ઘનશ્યામભાઈ ભુંગળીયા, શ્રી દિનેશભાઈ પટેલ (જોગાણી), શ્રી નિલેશભાઈ વેજપરા એ ભારે જહેમત ઉપાડી હતી.

## અમદાવાદમાં રૂપિયા ૧૦ કરોડના ખર્ચે બનેલ રાજગોર વિદ્યાર્થી ભુવનમાં પ્રવેશોત્સવ યોજાશે

### રાજગોર બ્રાહ્મણ સમાજના આગેવાનોની ખાસ ઉપસ્થિતી



અમરેલી,અમદાવાદ ખાતે શ્રી રાજગોર (કાઠી) બ્રાહ્મણ જ્ઞાતિ વિદ્યાર્થી ભુવન નું અદ્યતન નિર્માણ થતા ટુક સમય અગાવ તેમનું લોકાર્પણ થયેલ પરંતુ અમુક કામ બાકી હોઈ જે રાજગોર બ્રાહ્મણ સમાજ ના સર્વે વડીલો જ્ઞાતિ જનો જ્ઞાતિ સેવા સંઘ ના આગેવાનો ની લગાતાર મહેનત થકી ને જ્ઞાતિ અગ્રણી શ્રી શૈલેષભાઈ તથા અક્ષય ભાઈ તેરેયા રાજેશભાઈ મહેતા કનું ભાઈ મહેતા પ્રમુખશ્રી બકિંમ મહેતા સંજય દવે વગેરે મોટી સંખ્યામાં દાતાઓના દાન થી આજે રૂપિયા દશ કરોડ ના ખર્ચે અદ્યતન બિલ્ડીંગ ત્યાર થઈ ગયેલ હોઈ જે આગામી ૨૮ મી ના રોજ આ શ્રી ધીરૂ ભાઈ લક્ષમણ ભાઈ તેરેયા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ વિદ્યાર્થી ભુવન માં વિદ્યાર્થીઓ ને પ્રવેશ ઉત્સવ તથા જ્ઞાતિ સ્નેહ મિલન તથા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતી સેવા સંઘ ની કારોબારી મિટિંગ એમ ત્રિવિધ કાર્યક્રમ અમદાવાદ ખાતે નવ નિર્મિત ધીરુભાઈ લક્ષમણ ભાઈ તેરેયા વિદ્યાર્થી ભુવન નિરમા યુનિવર્સિટી પાછળ ૨૮ મી સવારે ૧૦ વાગ્યા થી શરૂ થસે આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર ભરના દરેક શહેર ગામ થી સમગ્ર જ્ઞાતિ જનો ઉપસ્થિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે આ ત્રિવિધ કાર્યક્રમ ને સફળ બનાવવા શ્રી બકિંમ મહેતા સંજય દવે રાજેશભાઈ મહેતા વાસુદેવ ભાઈ જોષી પરશુરામ ભાઈ બોરીસાગર તથા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સંઘ ના અગ્રણી ઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

### પહેલા પાનાનું
### જગ્યા ખાલી

મુજબ અમરેલી જીલ્લાની ૭૫૯ પ્રા.શાળાઓમાં ૫૦૪૧ શીક્ષકોનો મહેકમ સામે ૩૮૦૯ શીક્ષકો ની જગ્યાઓ ભરાઈ છે જ્યારે ૧૨૩૨ શીક્ષકોની જગ્યાઓ અમરેલી જીલ્લામાં ખાલી છે રાજ્યમાં સૌથી વધુ કચ્છ જીલ્લામાં ૩૧૩૩ અને સૌભી ઓછી સાબરકાંઠા જીલ્લામાં ૧૧૫ શીક્ષકોની ઘટ હોવાનું નીયામક દ્વારા જણાવાયું છે.અમદાવાદમાં ૪૨૨, વડોદરામાં ૪૭૧, રાજકોટમાં ૭૨૧, સુરતમાં ૧૮૨, ખેડામાં ૩૬૨, આણંદમાં ૨૯૪, પંચમહાલમાં ૮૩૮ દાહોદમાં ૧૫૯૩, સાબરકાંઠામાં ૧૧૫, જુનાગઢમાં ૧૮૯, પોરબંદરમાં ૩૬૧, મહેસાણામાં ૬૬૦૭, પાટણમાં ૫૧૯૨, ભાવનગરમાં ૧૨૮૮, જામનગરમાં ૭૭૦, અમરેલીમાં ૧૨૩૨, કચ્છમાં ૩૧૩૩, ભરૂચમાં ૮૫૩, નર્મદામાં ૭૩૧, વલસાડમાં ૧૮૨, નવસારીમાં ૧૫, બનાસકાંઠામાં ૧૪૧૭, સુરેન્દ્રનગર ૬૪૦, ગાંધીનગરમાં ૧૦૮, ડાંગમાં ૧૫૨, તાપીમાં ૧૨૨, અરવલ્લી ૧૩૫, ગીરસોમનાથમાં ૪૮૮, દેવભુમીદ્વારકા ૮૭૫, મહીસાગર ૨૩૧, મોરબી ૬૫૩, બોટાદ ૪૪૦, છોટાઉદયપુર ૧૦૫૧ જગ્યાઓ ખાલી હોવાનો સત્તાવાર જણાવાયું છે.

### પહેલા પાનાનું
### અકસ્માત સર્જાય

અમરેલી રોડ સર્કલ પાસે રોડનું ધોવાણ થયું છે. વધુ પડતું આવવાના લીધે વાહન વ્યવહાર પણ બંધ થઈ ગયો હતો ત્યારે આજે બે દિવસ વિતી ગયા છતાં જાણે શહેરની જનતાની કોય ને પડી ના હોય તેમ રોડની બંને બાજુ સાઈડોનું ધોવાણ થયુંછે. અને મસ મોટા ખાડા બની ગયા છે. ત્યારે આ રોડ ઉપરથી પસાર થયા વાહન ચાલકો ઉપર ખતરો તોળાઈ રહેલ છે. ત્યારે તંત્ર દ્વારા કોય જાન હાની થાય તેની રાહમાં હોય તેમ તપાસના નામે મીંડું. વધુમાં જોઈયે તો જે વિસ્તારના નદી નાળા છે તે તમામ વિસ્તારોમાં ભરપૂર ઘોડાપૂર આવેલ હતા આવા અસરગ્રસ્ત વિસ્તારમાં પાણીના લીધે માટીનો કાપ રોડ ઉપર આવી ગયેલ છે. જેના લીધે કાદવ કીચડનું સ્થાપ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પરંતુ પાલિકા દ્વારા આવા સ્થળોની તપાસ કરવામાં તેમજ સફાઈ કરવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે. ત્યારે ગંદકી ના લીધે લોકો ઉપર રોગચાળાનો ખતરો જોવા મળી રહ્યો છે.

### છેલ્લા પાનાનું
### કારગીલ વિજય

દરમિયાન ભારતે એક પણ ઈચ જમીન ગુમાવી નથી અને યુદ્ધ દરમ્યાન શહીદ થયેલ સૈનિકો ને શ્રધાંજલિ આપી હતી તેમજ આ કાર્યક્રમ માં બાળ કલાકાર પર્વ મકવાણા દ્વારા કાલી ઘેલી ભાષામાં દેશભક્તિ ની વાતો કરી અને સુર સાધના મ્યુજીકલ ગ્રુપ દ્વારા દેશભક્તિ ગીતો સાથે આખી સભા માં દેશભક્તિ મય વાતાવરણ ઉભું થયું હતું તે ઉપરાંત અમરેલી જીલ્લા માં રહેતા પૂર્વ સૈનિકો નું શાલ અને હાર દ્વારા સન્માન કરવા માં આવ્યું આ તાકે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી ધારાસભ્ય શ્રી જે.વી.કાકડિયા ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ નકુમ, મેહુલભાઈ ધોરાજીયા પૂર્વ સાંસદશ્રી નારણભાઈ કાછડીયા પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી ડો.ભરતભાઈ કાનાબાર પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી શ્રી હિરેનભાઈ હીરપરા પ્રદેશ યુવા મોરચા ના ઉપ પ્રમુખ શ્રી મનીષભાઈ સંઘાણી પ્રદેશ મહિલા મોરચાના મંત્રી શ્રી ભાવનાબેન ગોંડલીયા પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી શ્રી મયુરભાઈ માંજરીયા અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા ખરીદ વહેચણ સંઘ ના પ્રમુખ શ્રી જન્તીભાઈ પાનસુરીયા તેમજ યુવા મોરચાના હોદેદાર શ્રી મૌલિક ઉપાધ્યાય, વનરાજ વરુ, વિરલ પરીખ, યોગેન્દ્ર એપા, કિશન શીલુ તેમજ બોહળી સંખ્યામાં કાર્યકર્તાઓ તેમજ યુવાનો હાજર રહ્યા હતા

# ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## ગીર સોમનાથમાં અનધિકૃત રીતે અનાજ અને દારૂનો જથ્થો પકડાયેલો તે ગોડાઉન તોડી પડાયું

### ૧૨૫ ચો.મી.ની રૂપિયા ૨૦ લાખની કિંમત જમીન ખુલી કરવામાં આવી



ગીર સોમનાથ,જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અન્વયે તા.૨૪/૦૭/૨૦૨૪ના રોજ જિલ્લા પુરવઠા અધિકારી શ્રી ગીર સોમનાથ, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી ઉના તથા મામલતદારશ્રી ઉના દ્વારા ઉના શહેરના ધૂળ કોટિયા વિસ્તારમાં આવેલ ગોડાઉનની આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.આ ગોડાઉન ખાતેથી સરકારી અનાજ તથા અંગ્રેજી દારૂનો ગેર કાયદેસર સંગ્રહાયેલ જથ્થો મળી આવ્યો હતો.આ ગોડાઉનવાળી જગ્યા રાજ્ય સરકાર દ્વારા સાર્વજનિક હેતુ માટે અનામત રાખી નગરપાલિકાને વપરાશ માટે આપેલ પૈકીની છે. શહેરના રહેણાંક વિસ્તારથી દૂર હોય ત્યાં ગોડાઉન બાંધી, તેમાં અનધિકૃત પ્રવૃત્તિ ચાલતી હતી. ભવિષ્યમાં ફરીથી આ જગ્યાનો દૂરપયોગ થવાની સંભાવનાને ધ્યાને લઈ જીલ્લા કલેકટરશ્રી દ્વારા સૂચના આપતાં આજ રોજ ગોડાઉન ડિમોલિશન કાર્યવાહી હાથ ધરી ગોડાઉન તથા તેની બાજુનું નળીયાવાળું ખંડેર મકાન વિગેરે દૂર કરવામાં આવ્યા છે. આ જગ્યા પર ગોડાઉનનું બાંધકામ કરેલ તેમજ ટોઈલેટ, બાથરુમ તેમજ તેના ઉપરના ભાગે એક રુમનું બાંધકામ કરવામાં આવ્યું હતું. બાંધકામ કુલ અંદાજિત ૧૨૫ ચો.મી. માં કરવામાં આવેલું હતું. જેની બાંધકામ સહિતની અંદાજીત બજાર કિંમત રૂ. ૨૦ લાખ જેટલી થાય છે.

# જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જૂનાગઢ જિલ્લાના વિવિધ એકમોમાં સીસીટીવી કેમેરા ફરજિયાત

જૂનાગઢ ,

ગુનાહિત પ્રવૃત્તિઓની તપાસ માટે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બને છે. જાહેર જનતાને અવર-જવર રહે છે તેવા વિવિધ એકમો અને સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરુરી પગલાં લેવા સૂચનાઓ બહાર પાડતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એફ.ચૌધરી દ્વારા ફોજદારી મ્શજીજી-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારની હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટની દુકાન, ધાબા, ગેસ્ટ હાઉસ, લોજિંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહો, વિશ્રામગૃહો, રિસોર્ટ, ફાર્મહાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, જીઆઈડીસી, પેટ્રોલ પંપ, સીએનજી પમ્પ, ગેસ એજન્સી, બેંકો, એટીએમ સેન્ટર, સિનેમા ઘર, શોપિંગ મોલ, ટોલ પ્લાઝા, આંગડિયા પેઢી, સાઈબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગબગીચા, ટ્યુશન ક્લાસીસ, યુનિવર્સિટી, શાળા-કોલેજો, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેસા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ ૩૦ માટે સાચવવાનો રહેશે. સીએનજી કે પેટ્રોલ પંપના માલિક/સંચાલકોએ સીએનજી પમ્પ/પેટ્રોલ પંપનો સમગ્ર વિસ્તાર આવરી લે તેમજ પેટ્રોલ/ડીઝલ/સીએનજી ફીલિંગ સ્ટેશન ઉપર વાહન આવે ત્યારે આવા વાહનના નંબર તેમજ ચાલક સ્પષ્ટ રીતે કેમેરામાં કેદ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન થતા હાઈ ડેફીનેશનના) રેકોર્ડિંગ સિસ્ટમ સાથે પૂરતી સંખ્યામાં રાખવાના રહેશે. પ્રાઈવેટ સિક્યુરિટી રાખવા માંગતા એકમ/પેઢીઓએ લાઈસન્સ ધરાવતી અધિકૃત સિક્યુરિટી એજન્સીના તથા તાલીમબધ્ધ સિક્યુરિટી ગાર્ડ રાખવાના રહેશે. આવા ગાર્ડ રાઉન્ડ ધી ક્લોક રાખવાના રહેશે. તેમજ જો કોઈ એકમની માલિકી બદલાય તો તે અંગેની જાણ આધાર પુરાવાઓ સાથે તરત જ એસ.ઓ.જી. શાખા, પોલીસ અધિક્ષકની કચેરી, જૂનાગઢમાં તથા લગત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

# કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## કચ્છ પશ્ચિમ વન વિભાગ દ્વારા નારાયણ સરોવર ખાતે વિશ્વ મેન્ગ્રુવ દિવસની ઉજવણી કરાઈ

ભુજ,

વિશ્વ સંસ્થા યુનેસ્કો દ્વારા ૨૬મી જુલાઈના દિવસને ''વિશ્વ મેન્ગ્રુવ સંરક્ષણ દિવસ'' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ૨૬ જુલાઈ ૨૦૨૪ના રોજ કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજ દ્વારા વિશ્વ મેન્ગ્રુવ સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કચ્છ પશ્ચિમ વન વિભાગ,ભુજ દ્વારા નારાયણ સરોવર ખાતેની ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વિશ્વ મેન્ગ્રુવ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં શાળાના બાળકો તથા શિક્ષકો તેમજ વન વિભાગના સ્થાનિક અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ તથા ગામલોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય બાળકોમાં મેન્ગ્રુવ (ચેર) અંગેની સમજ આપીને ચેરના પર્યાવરણ તથા માનવજીવન અને દરિયાઈ જીવસૃષ્ટિ સહસબંધને સમજાવવાનો હતો. ચેરના વૃક્ષની માનવજીવન માટે વિવિધ ઉપયોગીતા બાબતે વિવિધ વક્તાઓ દ્વારા બાળકોને સમજણ આપવામાં આવી હતી. લોકોમાં ચેર અંગે જાગૃતતા આવે અને તેના મહત્વ વિશે સરળતાથી સમજી શકાય તે માટે ખાસ તૈયાર કરાયેલા મેન્ગ્રુવ રથનું નારાયણ સરોવર ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ મેન્ગ્રુવ રથને ગામડાઓમાં લોકો તરફથી નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો હતો. હાલમાં ગુજરાત તથા સમગ્ર કચ્છમાં દરિયાઈ વિસ્તારમાં મેન્ગ્રુવના જંગલોના વિકાસ માટે ભારત સરકાર તથા ગુજરાત સરકાર ખૂબ જ પ્રયત્નશીલ છે. દરિયાઈ વિસ્તારમાં મેન્ગ્રુવ જંગલોના સંવર્ધન અને સંરક્ષણ જેવા પ્રયત્નો થકી મેન્ગ્રુવ વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦


આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૭-૦૭-૨૦૨૪ શનિવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## અમરેલી કંડોળીયા બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા

# અમરેલીમાં સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

**કંડોળીયા બ્રાહ્મણ જ્ઞાતિ પ્લે ગૃપ તથા ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ત્રિવીધ સન્માન સમારોહની થઇ રહેલી તડામાર તૈયારીઓ**

**રવિવારે સાંજના ૪ કલાકે કપોળ મહાજન વાડી યુનિટ નં.૨ ખાતે જ્ઞાતિ આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન**

અમરેલી,

અમરેલીમાં કંડોળીયા બ્રાહ્મણ જ્ઞાતિના ઉપક્રમે સરસ્વતી સન્માન સમારોહ તા.૨૮ને રવિવારે સાંજના ૪ કલાકે કપોળ મહાજન વાડી યુનિટ નં.૨ ટાવર પાસે અમરેલી ખાતે કાર્યક્રમમાં કંડોળીયા બ્રાહ્મણ જ્ઞાતિના પ્લે ગૃપથી ઉચ્ચ અભ્યાસ સુધીના તેજવસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાશે. આ કાર્યક્રમમાં કંડોળીયા બ્રાહ્મણ જ્ઞાતિ વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહીને પ્રોત્સાહિત કરશે. કાર્યક્રમ બાદ ભોજન સમારોહ પણ રાખેલ છે. જેનો લાભ લેવા અમરેલી કંડોળીયા બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા જણાવાયું છે.

## સેવાના સરનામે ઉમળકા સાથે

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં પાળીયાદના પુ. નિર્મળાબાના પ્રાગટય દિને ભોજન કરાવાયું

**નાગબાપુ શેખવા પરિવાર અમરેલી દ્વારા ભોજનનું આયોજન**



અમરેલી,

સેવાને સરનામે –ઉમળકા સાથે તા. ૨૪-૦૭-૨૦૨૪ નાં રોજ સૌરાષ્ટ્ર જગ વિખ્યાત દેહાણ પરંપરાની પરમ પૂજય શ્રી વિસામણબાપુ ની જગ્યા વિહળધામ પાળીયાદના મહંત પ. પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા ઉનડબાપુ ના ૬૩ મા પ્રાગટ્ય દિવસ નિમિત્તે સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત નિરાધાર ના આધાર તપોવન આશ્રમ ખાતે લખુભાઈ નાગબાપુ શેખવા પરિવાર મુ. ભડલી હાલ અમરેલી દ્વારા તપસ્વીશ્રી વડીલ વૃદ્ધોને ભોજન પ્રસાદ કરાવવામાં આવેલ. સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. આ અવસરે સારહી પરિવારના પદાધિકારી શ્રી સુરેશભાઈ શેખવા પરિવાર સહિત ઉપસ્થિત રહેલ. સારહિ પરિવાર વતી હ્રદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

## નિષ્ઠાવાન શિક્ષીકા નિવૃત થતાં

# બગસરા બાળ કેળવણી મંદિર દ્વારા નિવૃતિ સન્માન કરાયું

**શ્રી ભાવનાબેન દેવમુરારી નિવૃત થતાં કામગીરી બિરદાવી**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બાળ કેળવણી મંદીર બગસરા ના નિષ્ઠાવાન શિક્ષિકા શ્રી ભાવનાબેન દેવ મોરારી નો નિવુતિ શુભેચ્છા સમારંભ તારીખ ૨૫ જુલાઈ ના રોજ યોજાય ગયો. બાળ કેળવણી મંદીર બગસરા ને નિષ્ઠાવાન અને સમર્પિત કાર્યકરો ની સેવા મળી રહી છે, પરીણામે છેલ્લા ૯૩ વર્ષથી અવિરત બાળ દેવો ભવ ની સાધના આરાધના સરસ રીતે ચાલી રહી છે, સંસ્થા ના કાર્યકરો રાત દિવસ પોતાની સુઝ સમજ અને શક્તિ મુજબ પૂરા ભાવ થી સેવા બજાવી રહ્યા છે પરીણામે અનેક બાળકો પોતાનું બાળપણ સારી રીતે માણી રહ્યા છે, તેના પાયામાં ભાવનાબેન જેવાં સમર્પિત કાર્યકરો નું યોગદાન છે. જો ભાવનાબેન જેવા શિક્ષિકા દરેક શાળા ને મળે તો શિક્ષણ જગત માં ડંકો વાગી જાય, તેમ સંસ્થા ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દેવચંદ સાવલિયા એ જણાવેલ. વર્તમાન સંસ્થા ના કાર્યકરો એ લાગણી સભર શુભેચ્છા પાઠવી હતી તેમ સંસ્થા ના નિયામક શ્રી ભારતીબેન ધાંધીયા ની અખબારી યાદી માં જણાવેલ છે.

# સાવરકુંડલામાં રેઢીયાળ પશુના વાડાથી લોકો ત્રાહિમામ

**નગરપાલિકાના અધિકારીઓ લોકોની પીડા સમજતા નથી**



સાવરકુંડલા,

સાવરકુંડલાના માર્ગો રેઢીયાર પશુના વાડા બની ગયા હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. ઠેર ઠેર મુખ્ય માર્ગોથી માંડી નાની સોસાયટીઓમાં રેઢીયાર પશુથી લોકો પીડાઈ રહ્યા છે. પરંતુ પાલિકા તંત્રના પેટનું પાણી હલતું નથી. પરંતુ પાલિકાના અધિકારીઓ લોકોની રેઢીયાર પશુની પીડા સમજવા તૈયાર નથી. સાવરકુંડલા ના દેવળા ગઈટ, શાકમાર્કેટ પાસે, સ્ટેશન રોડ, મહુવા રોડ, તમામ નાની મોટી સોસાયટીમાં રેઢીયાર પશુના અડ્ડા બની ગયા છે. રસ્તા પર આખલા યુદ્ધ સર્જાય રહ્યા છે. દુકાનો અને કોમ્પેક્ષોમાં પણ ગાયો પ્રવેશી રહી છે. શહેરની સોસાયટીઓમાં તો રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તંત્ર સાવરકુંડલાને રેઢીયાર પશુની સમસ્યામાંથી છુટકારો આપવા તસદી લીધી નથી.

# જસવંતગઢમાં ગૌરીવ્રતનું પુજન કરાયું



જસવંતગઢ ગામે નાનીબાલીકાઓ દ્વારા ગૌરીવ્રતનું પુજન કરાયું હતુ તે તસ્વીરમાં નજરે પડે છે

## આપાગીગાના પરિવાર દ્વારા

# અમરેલીના સરંભડામાં ગીગેવ ઉપવનનું નિર્માણ

**શ્રી મોટાભાઇ સંવટના નેતૃત્વમાં ઉપવનમાં ૬૦૦ જેટલા દેશીકુળ ના વૃક્ષોનું રોપણ કરાયું**



અમરેલી,

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ મા ગ્લોબલ વાતાવરણ ની ભયંકર સમસ્યા ઉભી થઈ છે જેનો વિશ્વના દેશો પાસે તેને નિયંત્રિત કરવાનો કોઈ ઉપાય નથી આવા સંજોગો માં વિશ્વના તમામ માનવજીવો ની ફરજ છે કે સમગ્ર વિશ્વમાં ઉભી થયેલી કટોકટી માં થી બચવા વધુમાં વધુ વૃક્ષો ને વાવીને તેનું જતન કરે અને વૃક્ષો ની હિંસા કરવાનું બંધ કરે અને આવનારા સમયમાં આવનારી પેઢી ના સરંક્ષણ માટે જાગૃત બને. વૃક્ષ એ વિશ્વ સંચાલન શક્તિ નું જીવંત નેટવર્ક છે ત્યારે વર્ષાતુમાં વૃક્ષારોપણ કરીને વિશ્વના તમામ જીવ ના દિર્ઘાયુષ અને તંદુરસ્તી ના સંકલ્પ સાથે સરંભડા ગામે પૂ.આપાગીગા ના પરિવાર સંવટ પરિવાર દ્વારા પાંચ વીઘા જેટલી જમીનમાં ૬૦૦ જેટલા દેશી કુળ ના વૃક્ષો વાવી ને ગીગેવ ઉપવન બનાવી ને તેના જતન અને સંવર્ધન ની જવાબદારી સ્વીકારવામાં આવી છે. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ સમગ્ર દેશની જનતા ને એક પેડ માં કે નામ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે વર્તમાનમાં સોળે કળાએ ખીલેલી વર્ષાતુમાં સહુકોઈ વૃક્ષારોપણ કરી ને વિશ્વના તમામ જીવના દિર્ઘાયુષ અને તંદુરસ્તી ના સંકલ્પ સાથે મહાઅભીયાન માં જોડાવા દેશબંધુઓને વિનંતી છે.

## પુસ્તક વિમોચન સમારોહ - લેટ્સ લિવ, બીફોર વી લીવ


# જુનાગઢમાં પાર્થ કોટેચા દ્વારા આજે લિખીત પુસ્તકનું વિમોચન

**યુવાનધનને પ્રેરણા મળી રહે તેની આવરી લેતી ટુંકી વાર્તાઓનું આલેખન**



જુનાગઢ, (હિતેષ પારેખ) તારીખ ૨૭ જુલાઈ, ૨૦૨૪ ને શનિવાર ના રોજ ' ધ ફર્ન લિઓ રિસોર્ટ જૂનાગઢ સાંજે ૬.૩૦ કલાકે ઈન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર તેમજ ઉભરતા યુવા લેખક શ્રી પાર્થ ગિરીશભાઈ કોર્ટયા દ્વારા લેખિત લિવ બિફોર વી લીવ નાં પુસ્તક વિમોચન સમારોહ નું આયોજન કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં લેખક પાર્થ કોટેચા એ પોતાનાં જીવનનાં સ્વાનુભવ, પરિવાર સાથેની ઘટનાઓ તેમજ સમગ્ર યુવાધનને પેરણા મળી રહે તેવાં અનેક આવરી લેતી ટૂંકી વાર્તાઓનું આલેખન કરેલું છે. ત્યારે આ પ્રસંગે લેખક પાર્થ કોટેચા જીવન કેવી રીતે જીવવું તે અંગેના પોતાનાં વિચારો અને અનુભવો રજૂ કરશે તેમજ અલગ અલગ પ્રકારનો પુસ્તકો ના વાંચનથી જીવનમાં સકારાત્મક પરિવર્તન કેવી રીતે લાવી શકાય તે અંગેની વિસ્તૃત ચર્ચા કરશે. આ પ્રસંગે શ્રીમતી અનારબેન પટેલ, જોરાવરસિંહ જાદવ, શ્રી તુષાર શુક્લા શ્રીમાન રાજેશ ચુડાસમા. શ્રી જગદીશ મહેતા એડિટર દૈનિક ન્યુઝ પેપર રાજકોટ, શ્રી ભરત ગઢવી તથા શ્રી જયરાજ વાળા, વાત ગુજરાતી શ્રી જયદેવ શાહ, શ્રીમાન જવાહર ચાવડા, પૂજ્ય મોરારી બાપુ. શ્રી જયદેવ શાહ, શ્રીમાન ચેતનભાઈ ત્રિવેદી શ્રીમાન વિષ્ણુભાઈ પડયા. પત્રકાર દેવાંશી જોષી, શ્રીમાન ચરણસિંહ ગોહિલ, નિલેશભાઈ ઝાઝડિયા. શ્રીમાન હર્ષદ મહેતા, વગેરે જેવા સમાજસેવા, ઉદ્યોગસાહસ કલા અને સંગીત વરિષ્ઠ લેખકો રાજકારણ અધ્યાત્મ રમતજગત અને શિક્ષણ જગત સાથે સંકળાયેલા મહાનુભાવો તેમજ ઉચ્ચ કોટીના સરકારી અધિકારીઓ પુસ્તક વિમોચન સમારોહ સાથે યોજાયેલા આલોચના સત્ર માં પોતાની અમૂલ્ય હાજરી આપશે. આ પ્રસંગે લેખક પાર્થ કોટેયા આપ સૌ ને આ વિમોચન સમારોહ માં પધારી આપના જીવનને પ્રેરણાદાયી કથાબોથી સમૃદ્ધ કરવા અને આ પ્રસંગને યાદગાર બનાવવાં સહર્ષ આમંત્રિત કરે છે આ કાર્યક્રમ અથવા પુસ્તક અંગેની વિસ્તૃત જાણકારી મેળવવા માટે શ્રી પાર્થ કોટેચા નો ૯૯૦૪૪૦૬૬૩૩ મોબાઈલ નંબર પર સંપર્ક કરી શકાય છે

# પ્લેસમેન્ટની સીઝનના ડે ઝીરોના રોજ મારવાડી યુનિવર્સિટીના ૧૦૦ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું




અમદાવાદ, (રાજેશ મહેતા) રાજકોટમાં આવેલી મારવાડી યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટની સીઝન શરૂ થઈ છે, ત્યારે તેના ડે ઝીરોએ સંસ્થાના ૧૦૦ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થઈ ગયું છે. એન્જિનીયરિંગની વિવિધ શાખાઓમાંથી પ્લેસમેન્ટના રાઉન્ડ માટે ઉપસ્થિત રહેનારા ૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૦૦નું પ્લેસમેન્ટ થઈ ગયું હતું. અમદાવાદમાં આવેલી ટોચની યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ આ પ્રકારની અદભૂત સિદ્ધિ ભાગ્યે જ જોવા મળતી હોય છે. આરટી કેમ્પ, ફિનટેક ગ્લોબલ, ટીએસએસ અને સિમફોર્મ સહિતની ૨૨ જાણીતી કંપનીઓએ પ્લેસમેન્ટ સીઝનના ડે ઝીરોના રોજ કેમ્પસ પ્લેસમેન્ટના ઈન્ટરવ્યૂ હાથ ધર્યા હતા. યુનિવર્સિટી ખાતે યોજાયેલી આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈટી) અને આઈટી-અનેબલ્ડ સર્વિસિઝ (આઈટીઈએસ), ફિનટેક, ગેમિંગ, સોફ્ટવેર ડેવલપમેન્ટ અને હેલ્થકેર જેવા ક્ષેત્રોના ટોચના રીક્રૂટરોએ ભાગ લીધો હતો. કમ્પ્યૂટર એન્જિનીયરિંગ, આઈટી, એમસીએ અને આઈસીટીના મહત્તમ વિદ્યાર્થીઓએ નોકરીની આકર્ષક ફરો મેળવી હતી, જે રોજગારીના પરિદ્રશ્યમાં આ ક્ષેત્રોની ઘણી ઊંચી માંગ હોવાનું સૂચવે છે. મારવાડી યુનિવર્સિટીના ત્રણ વિદ્યાર્થીઓ દેવ મહેતા, સિદ્ધાંત સિંહ અને મુસ્તફા ભારમલે વાર્ષિક રૂ. ૧૮ લાખનું મહત્તમ પેકેજ પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાર્થીઓએ હાંસલ કરેલી આ નોંધપાત્ર સિદ્ધિ માટે યુનિવર્સિટી ખૂબ જ ગર્વ અનુભવી રહી છે, જે અમારા વિદ્યાર્થીઓ તેમજ સર્વોચ્ચ ગુણવત્તાનું શિક્ષણ પૂરું પાડવા પ્રત્યેની ફેકલ્ટીના સભ્યોના સમર્પણનો પુરાવો છે. મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટીના સભ્યો તથા ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ વિભાગ વારંવાર એપ્ટિટ્યૂડ, કોડિંગ અને મોક ઈન્ટરવ્યૂ પર કેન્દ્રીત વિશેષ તાલીમ વર્ગો હાથ ધરે છે, જે પ્લેસમેન્ટની સ્પર્ધાત્મક પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું એક અભિન્ન અંગ છે. આ પ્રકારની વિવિધ પહેલે વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટેના આવશ્યક કૌશલ્યો અને આત્મવિશ્વાસ હાંસલ કરવામાં ઘણી મદદ કરી છે. મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી શ્રી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે, 'મારવાડી યુનિવર્સિટીએ ઉદ્યોગોની સાથે યોગ્ય સહકાર સાધીને હંમેશા સક્રિય અભિગમ અપનાવ્યો છે. તેની સાથે-સાથે યુનિવર્સિટીએ વ્યાપક તાલીમ આપવા પર પણ ધ્યાન કેન્દ્રીત કર્યું છે, જે એક વિનિંગ ફોર્મ્યુલા સાબિત થયો છે. ડે ઝીરો પ્લેસમેન્ટની સફળતા એ વિદ્યાર્થીઓના વિકાસ પ્રત્યેની યુનિવર્સિટીની કટિબદ્ધતા અને ઉદ્યોગોની જરૂરિયાતો સાથેની તેની સુસંગતતાનો પુરાવો છે. ભવિષ્યમાં પોતાના વિદ્યાર્થીઓ માટે વધુને વધુ તકો પૂરી પાડવાના ઉદ્દેશ્યની સાથે યુનિવર્સિટી આ સફળ ઉપક્રમને આગળ વધારી રહી છે.' વધુ માહિતી માટે કૃપા કરીને ૬૩૫૯૭૦૧૯૦૨ પર શ્રી હર્ષલ મિસ્ત્રીનો સંપર્ક કરો.

# રાજય સરકારે માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નર અને ત્રણ માહિતી કમિશ્નરોની નિમણુંક

ગાંધીનગર,

ગુજરાત રાજય સરકારે માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નર અને અન્ય ત્રણ માહિતી કમિશનરોની નિમણૂકના નોટીફિકેશન બહાર પાડ્યા છે. રાજયના મુખ્ય માહિતી કમિશ્નર તરીકે ડો. સુભાષ સોનીની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે માહિતી કમિશનરો તરીકે નિખિલ ભટ્ટ, મનોજ પટેલ અને સુબ્રમણયમ આર ઐયરની નિયુક્તિ કરવામાં આવી

# અમરેલીમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આવેદન પત્ર પાઠવ્યું

**અભ્યાસક્રમમાં ભગવદ ગીતાને આવરી લેવાતા તેના સર્મથનમાં રજુઆત**




અમરેલી,

અમરેલી જીલ્લામાં અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘની તમામ સંવર્ગ દ્વારા ધો. ૬ થી ૧૨ માં ભાગવત ગીતાનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો તેવા સરકારના નીર્ણયના સમર્થનમાં અમરેલી કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી. ભગવત ગીતાના અભ્યાસ ક્રમથી બાળકોમાં મુલ્યોનો વિકાસ આદર્શ નાગરીક ઘડતર, વ્યવહારીક જ્ઞાન, સામાજીક દાઈત્વના ગુણો કેળવાશે અને ભારત રાષ્ટ્રનું ભાવી ઉજજવળ બને અને સુદ્રઢ કરશે તેથી અભ્યાસ ક્રમમાં ભગવદ ગીતા જરૂરી હોય તેથી શૈક્ષીક મહાસંઘ સંવર્ગ દ્વારા આવેદનમાં જણાવાયું હતુ. આવેદન આપતી વેળાએ વિજય મકવાણા, મહેન્દ્ર કાવઠીયા, રામભાઈ કેસવાળા, મનીષભાઈ અગ્રાવત, અંજુબેન ઠીંબડીયા, અલ્પેશ જોષી, આશીસ ચૌહાણ, કલ્પેશ સાળવા, ગોવિંદભાઈ ટીંબડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા તેમ જણાવ્યું છે.

# અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં પેવિંગ બ્લોકની થયેલ કામગીરીની તટસ્થ તપાસ કરવા માંગણી

## પાલિકાનાં સદસ્ય સેજલબેન સોલંકીએ તપાસ કરી પગલા લેવા માંગણી ઉઠાવી

અમરેલી, અમરેલી નગરપાલિકાના સદસ્યશ્રી સેજલબેન સોલંકી તરફથી આપશ્રીને તા.૧૮/૦૭/૨૦૨૪ ના રોજ વિગતવાર પત્ર લખી રજૂઆત કરેલ છે. જેની મનેપણઆપેલછે. જેઆસાથેસામેલ છે. સદસ્યાશ્રીનીરજુઆતમુજબઅમરેલી નગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંબ્લોકરોડબનાવવામાંઆવેલ છે. પરંતુ ખુબજ નબળી કક્ષાનુ કામ કરેલ હોવાનાં લીધે તમામ બ્લોક રોડ તુટી ગયેલ છે. તે બાબતે તેણીએ વિગતવાર મુદાઓ સાથે તપાસ કરવા અવાર નવાર જણાવેલ કોઈ કારણસર તેની તપાસ થતી નથી. લોકોની સગવડ/સુખાકારી વધારવા સરકારી નાણાનો ઉપયોગ કરવા છતાં ઠેકેદારો દ્વારા કરવામાં આવેલ નબળી કામગીરીના કારણે લોકોને ખુબજ અગવડતા પડી રહેલ છે અને સરકારી નાણાનો વ્યય થયેલ છે. આમ સ્થાનિક કક્ષાએથી અમારી રજુઆત સંબંધે કોઈ કાર્યવાહી ન કરીને ઠેકેદારોની તરફેણ કરવામાં આવી રહેલ છે. આપની સમક્ષ રજુઆત કરેલ છે.સબબ મારો પણ અમરેલી મતવિસ્તાર હોવાના નાતે પુર્વ વિરોધપક્ષનાં નેતા તરીકે આપશ્રીને વિનંતી છે કે સદર તમામ બ્લોક રોડની કામગીરી બાબતે તટસ્થ એજન્સી મારફતે તપાસ કરાવી અને જવાબદારો સામે નાણા વસુલાત તથા શિક્ષાત્મક, દંડનિય કાર્યવાહી કરવામાં આવે તેવી મારી વિનંતી સહ ભલામણ છે.

# અમરેલીનાં નાગનાથ નજીક બંધ સ્કુટરમાં આગ લાગી

## ફાયરબ્રીગેડની ટીમે દોડી જઇ આગ બુજાવી

અમરેલી,અમરેલી શહેરના નાગનાથ નજીક આજે બપોરના સુમારે ત્યાં પડેલા પેશન સ્કુટરમાં અચાનક કોઈ કારણોસર આગ લાગતા કોઈએ અમરેલી પાલિકાની ફાયરબ્રીગેડની ટીમને જાણ કરતા ફાયરબ્રીગેડ ટીમે દોડી જઈ આગ બુજાવી હતી. આ સ્કુટર કોનુ હતુ? આગ કેવી રીતે લાગી તે અંગે કોઈ વિગતો મળી નથી.

## ઉપરવાસમાં સતત વરસાદથી પાણીની આવક વધી

# ચલાલાના ધારગણી પંથકમાં વરસાદ યથાવત

## શેલદેદુમલમાં બે ફુટ નવા નીરની આવક

અમરેલી, ચલાલા ના ગ્રામ્ય વિસ્તાર માં ધિમી ધારે વરસાદ ધારગણી તેમજ આસપાસ ના ગામો માં વરસાદ યથાવત તેમજ શેલ દેદુમલ બંધ માં બે ફૂટ નવા નીર ની આવક ધારગણી, વાવડી, ઈંગોરાલા, ખંભાળિયા, ગરમલી, કોટડા, સમઢિયાળા, કરેણ, વાઘવડી, તેમજ આસપાસ ના તમામ ગામો માં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અમરેલીના માધ્યમિક સંવર્ગના અધ્યક્ષપદે શ્રી ભરત મકવાણાની વરણીને આવકાર

## બંસીધર વિદ્યાલયના કનુભાઇ સોરઠીયા દ્વારા સન્માન કરાયું



અમરેલી, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘ અમરેલી ના માધ્યમિક સંવર્ગ ના અધ્યક્ષ તરીકે ભરતભાઈ મકવાણા ની વરણી થતા તેમને આજરોજ શુભેચ્છા આપતા ગુજરાત રાજ્ય શિક્ષણ સંસ્થાઓના અગ્રણી નેતા તેમજ શ્રી બંસીધર વિદ્યાલય અમરેલીના મેનેજિંગ ટ્રસ્ટી કનુભાઈ સોરઠીયા સહિતે આવકારી શ્રી ભરત મકવાણાનું સન્માન કર્યુ હતું. અને પોતાની ખુશી વ્યકત કરી હતી.

# અમરેલી તાલુકાનાં અકસ્માત કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો કરાવતા ધારાશાસ્ત્રી જે. આર. વાળા

## બીજા અધિક ચિફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટનો ચુકાદો



અમરેલી, અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાં ગુના રજી.નં.૩૦૨૩૬/૨૩ થી ફરિયાદ દાખલ થયેલ. જેમાં આરોપી નિર્મળભાઈ કિશોરભાઈ વાળાની અટકાયત કરવામાં આવેલ. ત્યાર બાદ પોલીસ દ્વારા તમામ પુરાવાઓ એકત્ર કરી કોર્ટમાં ચાર્જશીટ કરી ફાઈલ કરેલ. ત્યાર બાદ કેસની ટ્રાયલ ચાલુ થયેલ. જેમાં ફરિયાદી તથા ઈજા પામનાર, પંચો, સાહેદો તથા સરકારી સાહેદો અને એફએસએલ અધિકારી તથા કેસનાં તપાસ કરનારને તપાસતા અંતે કોર્ટ દ્વારા આરોપીનો નિર્દોષ છુટકારો કરેલ. જેમાં વિદવાન ધારાશાસ્ત્રી જે.આર.વાળાની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

# અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલયમાં કારગીલ વિજય દિનની ઉજવણી

## શહીદોની યાદમાં દિપ પ્રગટાવી પુષ્પ દ્વારા શ્રદ્ધાંજલી અપાઇ



અમરેલી, વિદ્યાર્થી ભુવન - શ્રી સરસ્વતી વિદ્યાલયમાં આજ રોજ શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતાની ભાવના સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૬ જુલાઈ કારગીલ વિજયદિનની ખુબજ ઉત્સાહ અને દેશ પ્રેમની ભાવના સાથે કારગીલ - દીન ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહીદોની યાદમાં દીપ પ્રગટાવી પુષ્પ દ્વારા શ્રદ્ધાંજલી કાર્યક્રમ રાખવામાં હતો. ઈ.સ. ૧૯૯૯ માં પાકિસ્તાનની ફોજના કેટલાક જવાનોએ શિયાળાનો લાભ લઈ કારગીલની ટેકરીઓ ઉપર કબ્જો જમાવીને ભારતની હદમાં ઘુસણખોરી કરી હતી. ટેકરી ઉપરની આલડાઈમાં આપણા સૈનિકો માટે પડકારરૂપ હતી. તેમ છતાં કેપ્ટન બત્રાની ટૂંકડીએ ભારે ખુવારી વેઠીને પણ બહાદુરીપૂર્વક હુમલો કરી પાકિસ્તાનની નાપાક હરકતને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો. જવાનોના શોર્ય અને પરાક્રમની ગાથાને આખો દેશ સલામ કરે છે તેમના પરાક્રમ અને શહીદી ને સમગ્ર દેશ ક્યારેય ભુલશે નહિ. આ પ્રસંગને બિરદાવવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ધોરણ ૪ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ એક સુંદર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે સંસ્થાના સંચાલક શ્રી દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ તથા અને સ્ટાફ ગણે ભરત માતાને નમસ્કાર કરી દેશના પનોતા પુત્રોને નતમસ્તકે ભાવથી યાદ કરી દેશભક્તિની ભાવના ઉજાગર કરી હતી.

### નામ બદલાવેલ છે

આથી હું નિલમ અલ્પેશ પટેલ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ નિલમ જશવંતભાઇ પટેલ માંથી બદલાવીને નિલમ અલ્પેશ પટેલ કરેલ છે. અને હવે પછીથી હું નિલમ અલ્પેશ પટેલ તરીકે ઓળખાઇશ.

સહી : નિલમ અલ્પેશ પટેલ
એડ્રેસ : વિનાયકનગર સોસાયટી, આસ્થા હોસ્પિટલ પાસે, રાધનપુર, પાટણ પીન : ૩૮૫૩૪૦, ગુજરાત, ઇન્ડીયા

### નામ બદલાવેલ છે

આથી હું બુખારી રીઝવાના વિલાયતહુસૈન જાહેર કરૂ છુ કે મે મારા પુત્રનું નામ દોઢારી મોહમ્મદરૈયાન અલ્તાફહુસેન માંથી બદલાવીને બુખારી મોહમ્મદ રૈયાન રીઝવાના નવુ કરેલ છે. અને હવે પછીથી મારા પુત્રનું નામ બુખારી મોહમ્મદ રૈયાન રીઝવાના તરીકે ઓળખાશે.

સહી : બુખારી રીઝવાના વિલાયતહુસૈન
એડ્રેસ : સુખનીરઝેર, પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજેસ બંગલો, સુખનિવાસ કોલોની, ગામ : અમરેલી, જી.અમરેલી - ૩૬૫૬૦૧

### નામ બદલાવેલ છે

આથી હું બુખારી રીઝવાના વિલાયતહુસૈન જાહેર કરૂ છુ કે મે મારૂ નામ દોઢારી રીઝવાના અલ્તાફહુસેન માંથી બદલાવીને બુખારી રીઝવાના વિલાયતહુસૈન (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું બુખારી રીઝવાના વિલાયતહુસૈન (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : બુખારી રીઝવાના વિલાયતહુસૈન
એડ્રેસ : સુખનીરઝેર, પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજેસ બંગલો, સુખનિવાસ કોલોની, ગામ : અમરેલી, જી.અમરેલી - ૩૬૫૬૦૧

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

રૂફટોપ સોલાર પેનલ ફીટ કરાવવી છે ?
તો હવે કોની રાહ જુઓ છો સાહેબ ?
આજે જ આપનું કનેકશન રજીસ્ટર કરાવો...
સબસીડી તો ગ્રાહકોના ખાતામાં જમા થવા માંડી છે.
માસિક સરળ હપ્તાની લોન સેવા પણ ઉપલબ્ધ
સ્ટાન્ડર્ડ કંપનીની પ્લેટો અન્ય ઈલેકટ્રીકલ પૂરક ઈન્સ્ટ્રુમેન્ટ સાયકલોન સામે ટકી શકે એવું મજબુત ફીટીંગ (રુબરૂ મળશો તો ફાયદો થશે)
વિશાલભાઇ : 94288 88098 / 97271 88098
લાભમ્ એન્ટરપ્રાઈઝ
લાઠી રોડ, સિધ્ધિ વિનાયક કોમ્પલેક્ષ, એસ.ટી.ડીવીઝન પાસે, અમરેલી.

### રાજુલા નગરપાલિકા – રાજુલા જિ. અમરેલી
### ઓનલાઇન જાહેર નિવિદા

આથી રાજુલા નગરપાલિકા, રાજુલા, જિ. અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૪-૨૫ વર્ષની નિર્મળ ગુજરાત-૨.૦ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામઃ જુદા-જુદા વિસ્તારમાં ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ બ્યુટીફીકેશન ની કામગીરી. | |
| અંદાજીત રકમ રૂ.૬.૫૯ લાખ | કામની સમય મર્યાદાઃ ર-માસ |
| ઈ.એમ.ડી. રૂ. ૬,૬૦૦/- | ટેન્ડર ફીઃ રૂ. ૯૦૦/- |
| વેબસાઇટનું નામ | www.tender.nprocure.com |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય તા.૦૬/૦૮/૨૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી | |
| ફકત ઓરીજનલ ટેન્ડરફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૧૩/૦૮/૨૦૨૪ના ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, રાજુલા નગરપાલિકા, મુ. રાજુલા, જિ. અમરેલી. | |
| ટેકનીકલ બિડખોલવાની તારીખઃ | ૧૪/૦૮/૨૦૨૪, ૧૨.૦૦ કલાકે |
| પ્રાઇસ બિડ ખોલવાની તારીખઃ | ૧૪/૦૮/૨૦૨૪, ૧૨.૩૦ કલાકે |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર
રાજુલા નગરપાલિકા

જિમાક/અમર/૯૭૩/૨૪

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકત્તા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિત્સ હોલીડેઝ ૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩

Hero
આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
Navnit Hero ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાવર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૮૨૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

ડ્રીમ ફેમિલી સ્પા - ધમાકા ઓફર
Dream Family Spa ડ્રીમ ફેમેલી સ્પા Ladies & Gents
ભાઇઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025

પ્રોફેશનલ ફેમીલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, ફેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઇન્ટમેન્ટ માટે : Mo. 70169 65665

MARUTI SUZUKI ARENA
VITARA BREZZA
WICKEDLY POWERFUL
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

વિશ્વાસ "મધુવન" માં, રૂપનો ઉજાસ દર જીવનમાં !
MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 ©: 94264 23006
madhuvan gold art madhuvangold.in

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઇન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

